
॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગત: સુખાય



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

# વલસાડમાં ભક્તોને પ્રભુભજન અને ગુરુપૂજનનો મહિમા સમજાવતા યોગભિક્ષુજી

(તા. ૧૨-૪-૯૩)

ગીતાસદન હોલમાં ઓમ્‌પરિવાર-વલસાડના ઉપક્રમે આયોજિત 'દિવ્ય-સ્વાધ્યાય-સમજણ-યજ્ઞ'ની જાહેર સભામાં ઓમ્‌પરિવારના આધ્યાત્મિક વડા ગુરુદેવ શ્રી યોગભિક્ષુએ દિવ્ય વાણી વહાવતાં કહ્યું કે :

વિશ્વના તમામ જીવોનો ઓમ્‌પરિવારમાં સમાવેશ થઈ જાય છે. અ, ઉ અને મ્ મળીને ઓમ્ બને છે. 'અ' વિના કોઈ પણ ભાષાભાષીને ચાલે નહીં. 'અ' સ્વર વિના કોઈ પણ વ્યજંન બોલી જ ના શકાય. આ રીતે સૌ જાણ્યે-અજાણ્યે આ દ્વારા ઓમ્‌નો જાપ કરે છે. કાગડો કા... બોલે કે ભેંશ ભાં... બોલે તો એમાં પણ 'અ' આવી જાય છે. આ રીતે પશુપક્ષીઓ પણ ઓમ્‌નો જાપ કરી રહ્યાં છે. આ રીતે વિશ્વ આખું ઓમ્‌પરિવાર જ ગણાય.

ઉપવાસનો સૂક્ષ્મ અર્થ સમજાવતાં શ્રી ગુરુદેવે કહ્યું કે, ગરિષ્ટ પદાર્થો ખાઈખાઈને શરીર બગાડવાને ઉપવાસ ના કહેવાય. ઉપવાસનો સાચો અર્થ તો છે 'પાસે વસવું.' કોની પાસે વસવું? ઈશ્વર પાસે વસવું.

સાચા ગુરુપૂજન વિષે સમજાવતાં તેઓશ્રીએ કહ્યું કે, સાચી સમજણની પ્રાપ્તિ થવી તે જ સાચું ગુરુપૂજન છે અને દુર્ગુણોમાંથી મુક્ત થવું એ જ સાચું પ્રભુભજન છે. આપણને મળેલા સુખની પ્રતીતિ જો આપણે કરી જ ના શકીએ તો આપણને કોઈ જ સુખી કરી શકે નહીં. મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને ચોર્યાશી લાખના ચક્કરમાંથી છૂટવાની જે તક મળી છે તેને ઝડપી લેવી જોઈએ. પશુ, પક્ષી અને મનુષ્ય યોનિમાંથી મનુષ્યને શ્રેષ્ઠ એટલે કહ્યો છે કે તે ચોર્યાશી લાખના ચક્કરમાંથી છૂટવાનો પ્રયત્ન કરી શકે છે. જો મનુષ્ય આવો પ્રયત્ન ના કરે તો તે પણ શિંગડા-પૂંછડા વિનાનો પશુ જ ગણાય.

આ ઉપરાંત તેઓશ્રીએ સ્વરચિત ક્રાંતિકારી, તળપદી ભજનોનું પણ બંને દિવસે રસપાન કરાવ્યું હતું. સભાના પ્રારંભમાં યોગવેદાંત સેવા સમિતિના પ્રમુખ શ્રી કિશોરભાઈ પટેલ તથા મંત્રીશ્રી પ્રથમેશભાઈ પટેલ તથા ગુજરાતભરના ઓમ્‌પરિવારના ભક્તોએ પૂજ્યશ્રી યોગભિક્ષુજીનું પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. વલસાડની જનતાએ પણ ઉમળકાભેર મોટા પ્રમાણમાં હાજરી આપીને દિવ્ય સત્સંગ-સરિતામાં સ્નાન કર્યું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે પ્રોફેસર પ્રથમેશભાઈ પટેલે આભારવિધિ કરીને ગુરુદેવશ્રીને પુનઃ પધારવાની વિનંતી કરી હતી.

(વલસાડથી પ્રગટ થતા દૈનિક 'ગુજરાતમિત્ર તથા ગુજરાત દર્પણ'માંથી સાભાર)

# ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજનહિતાય - બહુજનસુખાય)

વર્ષ - ૨૦ (જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ)

VOL - XVIII 2003-2004 ISSUE - III માનદ્ તંત્રી - નૈષધ વ્યાસ


## આ અંકની
## વિશિષ્ટ સામગ્રી

– યોગભિક્ષુ

(પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી હરસના ઓપરેશન પછી ડૉક્ટર સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીના નિવાસસ્થાને જેટલું રહ્યા તે દરમ્યાન લખાયેલ સામગ્રી. પૂજ્ય ગુરુદેવ સૂતાં સૂતાં બોલતા હતા અને શ્રી બિપિનભાઈ તથા શ્રી શશિકાન્તભાઈ લખી લેતા હતા. આ વિશિષ્ટ સામગ્રી ''રુતમ્ભરા''ના વાચકો સમક્ષ રજૂ કરીએ છીએ.)

### કુદરતની કરુણા

શરીર જ્યારે સહન ન કરી શકે એટલી પીડા તેના ઉપર આવી પડે છે ત્યારે તેને કુદરત બેભાન બનાવી દે છે. અને તેથી જ કુદરતને મહા કરુણામયી કહે છે.

### ખબરદાર !

જેમ મનુષ્ય પોતાની તિજોરીને જીવની જેમ જાળવે છે, તેમ પોતાની મોક્ષરૂપી તિજોરી પણ લીક નથી થતીને, તે માટે તેણે બેહદ ખબરદાર રહેવું જોઈએ.

શરીરના કોઈપણ અંગમાં ભયંકર પીડા થતી હોય ત્યારે મન બીજે ક્યાંય પણ લાગી શકતું નથી, એ પીડામાં જ લાગેલું રહે છે. એની મતલબ (અર્થ) એ કે એ પીડા કેમ જલ્દી ઓછી થાય તે માટે તે ત્યાં જ કાર્યરત થઈ જાય છે. આ બધી મહા કરુણામય કુદરતની અકળ કળા જ છે.

### આપ યોગી છો તેથી...

મારા મસાનું ઓપરેશન કરનાર ડૉક્ટર સાહેબને મેં કહ્યું કે તમારી સાથે વાતો કર્યા જ કરવાનું મન થાય છે; જાણે તમારો અતિ હસમુખો ચહેરો જોયા જ કરીએ, જોયા જ કરીએ! તેમણે કહ્યું કે, ''એ તો આપ યોગી છો એથી આપને એવું લાગે છે.''

### ડૉક્ટરે પૂછ્યું

ડૉક્ટર સાહેબે પૂછ્યું કે, ''ગુરુજી! મેં સાંભળ્યું છે કે યોગીઓને પીડા ન થાય.'' ત્યારે અમે તેમને જવાબમાં શ્રી રામકૃષ્ણ પરમહંસનો દાખલો આપ્યો : -

### મેં કહ્યું...

ઓછી સમજવાળા એવું માનતા હોય છે; જેમ ઓછી સમજવાળા કહેતા હોય છે કે ડૉક્ટરો માંદા જ ના પડે. આવા અનેક ભ્રમો સમાજમાં ફેલાયેલા છે, તે આપણી કમનસીબી છે. બીજી વાત એ કે હું તો યોગભિક્ષુ છું, યોગી નથી.

પંચમહાભૂતના ધર્મની જે મર્યાદા છે તેનાથી કોઈ પર થઈ શકતું નથી. રામ, કૃષ્ણ વગેરે જેવા ભગવાનના કહેવાતા અવતારોને પણ પંચમહાભૂતના ધર્મોની મર્યાદામાં રહેવું પડ્યું હતું. પંચમહાભૂતથી જે ઉપર નીકળી જાય તેને પંચમહાભૂતની મર્યાદામાં રહેવું ના પડે. પછી, તે સૂક્ષ્મ-દિવ્ય દેહ ધારણ કરે. પણ તેવા સૂક્ષ્મ દેહધારીને આપણે આપણા ચર્મચક્ષુથી જોઈ ના શકીએ. ઉપનિષદમાં કહ્યું છે કે - ન તસ્ય રોગો ન જરા ન મૃત્યુ પ્રાપ્તસ્ય યોગાગ્નિમયમ્ શરીરમ્. ચિન્મય શરીર સુખદુઃખથી પર થઈ જાય છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસના જીવનમાં બનેલો પ્રસંગ આ બાબતમાં ઘણો પ્રકાશ ફેંકે છે. તેમને ભયંકર કેન્સરનો રોગ હતો. ઑપરેશન વેળા તેમણે ક્લૉરોફૉર્મ સૂંઘવાની ના પાડી. એમ ને એમ જ ઑપરેશન કરાવી નાખ્યું. એક ઊંહકારો પણ કર્યો નહીં. અને એમની જ બીજા પ્રસંગની વાત છે કે કેન્સરની મહા પીડામાં તેઓ આખી રાત બૂમો પાડતા તેથી આશ્રમના માણસો આખી રાત ઊંઘી શકતા નહીં. આ બધી મહા ગૂઢ રહસ્યોની વાત પામર મનુષ્ય પામી જ ક્યાંથી શકે ?

### પહેલાં હું કહેતો કે...

પહેલાં હું કહેતો કે ઉમરેઠમાં કે અમદાવાદમાં જે ખૂબ સારી રીતે મોટરકાર ચલાવી શકતો હોય તેને પછી દુનિયાના કોઈપણ સ્થળે ગાડી ચલાવવાનું અઘરું ના પડે. કારણ કે ઉમરેઠ અને અમદાવાદના રસ્તાઓ બેહદ સાંકડા, ખૂબ વાંકીચૂકી ગલીઓ અને માણસો પણ કાયદાની ઓછી સમજવાળા. અને

### હવે કહું છું કે...

ઑપરેશન પછી કહેવા લાગ્યો કે, મળમાર્ગના કોઈપણ રોગનું ઑપરેશન કરાવ્યું હોય તેને પછી તુલનાત્મક રીતે બીજાં અંગોના ઑપરેશનમાં ત્રાસ ઓછો લાગે. કારણ કે જાજરૂ તો રોજ જવું પડે એટલે મળમાર્ગના ઑપરેશનને રુઝાતાં વધુ વાર લાગે.

### સ્વાર્થની બોલબાલા

જીવમાત્ર સ્વાર્થને વશ છે. સ્વાર્થ સિવાય કોઈ જીવી જ ના શકે. પરમાર્થ પણ સ્વાર્થને વશ થઈને જ થાય છે. માતા, પિતા, પુત્ર, પુત્રી, પતિ, પત્ની, સ્નેહી, મિત્ર વગેરે સૌ સ્વાર્થને વશ થઈને જ વર્તતાં હોય છે. પણ સૌના સ્વાર્થની અમુક એક મર્યાદા હોય છે. આ વાતને એક દૃષ્ટાંતથી ખૂબ સારી રીતે સમજીએ.

વનમાં મુશળધાર વરસાદ થયો. પાણી ધીમે ધીમે ભરાવા લાગ્યું. એક વાંદરી તેના બચ્ચાને લઈને ઝાડ ઉપર બેઠી હતી. તે જે ડાળ ઉપર બેઠી હતી ત્યાં સુધી પાણી પહોંચ્યું. તેથી તે ઉપરની ડાળે ચઢી ગઈ. પાણી જેમ જેમ ઉપર આવતું ગયું તેમ તેમ તે ઉપરની ડાળે ચઢતી ગઈ. આમ ને આમ તે ઝાડની ટોચ ઉપર જઈને બેઠી. પાણી ત્યાં સુધી પહોંચ્યું એટલે તે પોતાના બચ્ચાને ખભા ઉપર બેસાડીને ઊભી થઈ ગઈ. પાણી તો તોય વધતું ગયું અને તેના નાક સુધી પહોંચ્યું. તેને હવે એમ લાગ્યું કે પાણી નાકમાં પેસી જશે. એટલે તેણે તેના ખભા પરના બચ્ચાને નીચે નાખીને એના ઉપર ઊભી થઈ ગઈ અને પોતાનો જાન બચાવ્યો.

આ તો માત્ર સ્વાર્થની કેટલી બોલબાલા છે તે સરળ રીતે સમજાવવાનું એક દૃષ્ટાંત આપ્યું.

### નિર્દયતામાં અંતર

ગુરુ-સંતો, ડૉક્ટરો વગેરેને ક્યારેક નિર્દય બનવું પડે છે. પણ તેમની તે નિર્દયતા 'પર'ને સુખી કરવા માટે હોય છે જ્યારે ગુંડા વગેરેની નિર્દયતા 'સ્વ'ને સુખી કરવા માટે હોય છે. ગુરુ-સંતોની કઠોર જીભ કે ડૉક્ટરોની છરી-કાતર ચાલે છે ત્યારે તેનાથી બીજાને જીવતદાન મળે છે. પરંતુ જ્યારે ગુંડાની છરી-કાતર ચાલે છે ત્યારે બીજાની ગરદન કે બીજાનું ખિસ્સું કપાય છે.

### કેવો વિરોધાભાસ !

બે બહેનો હતી. ખૂબ ધાર્મિક રુચિવાળી. જપ-તપ-વ્રત-ઉપવાસ ખૂબ કરે. એક વખત સરખે સરખી બહેનપણીઓ ભેગી થઈ અને આ બંને બહેનોને પૂછવા લાગી કે આવું મોટું તપ તમે શા માટે કરો છો? તો બંનેએ જવાબ આપ્યો કે આ તો બધું અમે અમારા આનંદ માટે કરીએ છીએ. તો બહેનપણીએ ફરીને પ્રશ્ન કર્યો કે, પણ મનમાં કંઈક તો ઇચ્છા રાખી હશે ને? તો મોટીએ જવાબ આપ્યો કે હા, એક એવી ઇચ્છા ખરી કે સાસરું ખૂબ પૈસાદાર મળે કે જેથી બધી સગવડતાઓ પ્રાપ્ત થાય. થોડાક બીમાર થઈએ કે તરત ડૉક્ટર આવે. ઇન્જેક્શન આપે ને, સારામાં સારી દવાઓ ખવડાવે અને રોગને જલ્દી મટાડી દે વગેરે વગેરે. પછી નાની બહેનને પૂછ્યું કે હવે તમે તમારી ઇચ્છા કહો. નાનીએ કહ્યું કે મારી ઇચ્છા તો મોટી બહેન કરતાં તદ્દન વિરુદ્ધની છે. તો પ્રશ્ન થયો કે વિરુદ્ધની એટલે કેવી? કાંઈક કહો તો ખરાં. ત્યારે તેણે કહ્યું કે હું તો ઇચ્છું છું કે મને પૈસાદાર સાસરું ના મળે. જો પૈસાદાર સાસરું હોય તો તરત ડૉક્ટર આવે અને ઇન્જેક્શન મારે; ના ગમતી

કડવી કડવી દવાઓ ખવડાવે અને લોહી લઈ જાય, પેશાબ તપાસે અને પછી કહે કે તમને ડાયાબિટીસ છે, બ્લડપ્રેશર છે, ફલાણું છે, ઢીકણું છે તેથી તમારે અમુક જ ખાવુંપીવું, અમુક રીતે જ રહેવું. મને આવી રીતે જીવવું ના ગમે. એટલે સાસરું સાધારણ સ્થિતિનું હોય તો બધી ઝંઝટ-ઉપાધિઓમાંથી બચી જવાય.

કેવો વિરોધાભાસ! કેવી વિરોધી પસંદગી! તપ તો બેઉ કરે છે પરંતુ તેનું ફળ બંને ભિન્નભિન્ન ઇચ્છે છે. કુદરતે સ્વભાવ ઘડવામાં પણ કમાલ કરી નાખી છે.

### બુદ્ધિનો સદ્ઉપયોગ

"સત્કર્મોથી સુખી થઈશું અને દુષ્કર્મોથી દુ:ખી થઈશું." કર્મના એવા અટલ-અફર નિયમને જે સમજી શકે છે અને સત્કર્મો કરવાનો જે પ્રયત્ન કરતો રહે છે તે જ સાચો બુદ્ધિશાળી છે; તેણે જ બુદ્ધિનો સદ્ઉપયોગ કર્યો ગણાય. તે સિવાય બુદ્ધિ ગમે તેટલી હોય, અતિ સૂક્ષ્મ હોય તોપણ તે મદારીના ખેલ જેવી છે. જેમ મદારી માંકડાને રમાડે છે, નચાવે છે, તેમ તે બુદ્ધિ પણ મનુષ્યને નચાવે છે, રમાડે છે, પ્રલોભનોની લાલચો દેખાડી દેખાડીને હેરાન-પરેશાન કરી મૂકે છે. ભલે નિશાળ-કોલેજોના ભણતરથી સાવ અભણ હોઈએ પણ શુભાશુભ કર્મના ફળને જાણતા અને માનતા થઈ જઈએ તો વિશ્વની તમામ ડિગ્રીઓ પ્રાપ્ત કરી લીધી છે તેમ કહેવાય.

બુદ્ધિની વૃદ્ધિ નહીં, બુદ્ધિની શુદ્ધિ કલ્યાણકારી છે. બુદ્ધિને શુદ્ધ કરવાના અનેક માર્ગો છે. તેમાં ગાયત્રીમંત્ર પણ એક અમોઘ અર્થાત્ કદી નિષ્ફળ નહીં જનારું સાધન છે.

### મૃગજળને ઓળખીએ

અજ્ઞાની માણસો અજ્ઞાનને વશ થઈને એવાં કાર્યો-કર્મો કરતા હોય છે કે તેમને સુખને બદલે દુ:ખ જ મળે છે, છતાંય તેઓ સાવધાન થઈ શકતા નથી અને ખોટાં કર્મો કરતા રહીને દુ:ખના ચક્કરમાં ચઢી જાય છે. ભગવાન એવી કૃપા કરે કે સૌ મૃગજળને "મૃગજળ" તરીકે ઓળખતા થઈ જાય.

### આજનું સુસ્વપ્ન

આવતી કાલે નવરાત્રી છે. ગઈ કાલે રાત્રે સરસ સ્વપ્ન આવ્યું. આકાશવાણીની આગળની જાહેરાત મુજબ રાત્રે સાડાચાર વાગ્યે રેડિયો ચાલુ કર્યો. બહુ સરસ કાર્યક્રમ ચાલતો હતો. નવરાત્રી ને માતાજીને લગતી સ્તુતિ-પ્રાર્થના વાગી રહી હતી. અમે ખાટલામાં સૂતા હતા. અમારી જમણી બાજુએ પોકેટ રેડિયો પડ્યો હતો. તેમાંથી આ સરસ સ્તુતિ-પ્રાર્થના સંભળાઈ રહી હતી. આ બધું સાંભળવાની સાથે સાથે સ્વપ્ન પણ જોતો હતો. મારા હાથમાં પૂજાવિધિની ભરેલી છાબડી હતી. રેડિયામાં જે પણ આવતું જતું હતું તે પ્રમાણે હું પૂજન-પ્રાર્થના કરી રહ્યો હતો. મારી સાથે ભાઈ નીતુ પણ હતો કે જે અમારાં ફોઈબાનો દીકરો થાય અને જે નાનપણમાં જ ગુજરી ગયેલો. ગાઢા જંગલમાં અમે ઊભા છીએ, હાથમાં છાબડી છે. દૂર નજર કરી તો વીસ-પચીસ માણસોને બેઠેલા જોયા. સૌએ પીતાંબર પહેરેલાં હતાં. ઉપરનું શરીર ઉઘાડું હતું. અમે વિચાર કર્યો કે બ્રાહ્મણો અહીં જંગલમાં પૂજન-અર્ચન-યજ્ઞ કરવા આવ્યા હશે. પણ કોઈના અંગે જનોઈ ના જોઈ એટલે વિચાર્યું કે, ના! બ્રાહ્મણો તો નથી. બાજુમાં પડેલો નાનો રેડિયો તો વાગી જ રહ્યો છે. એ માણસોનું નાનું ટોળું પણ રેડિયો સાંભળવા લાગ્યું અને અમારી નજીક આવવા લાગ્યું. તે સૌ પણ આ રેડિયાની પ્રાર્થના મુજબ પૂજન-અર્ચન કરવા લાગ્યા. અમે હાથમાં રેડિયો અને પૂજાપાની છાબડી લઈ થોડાક આગળ વધ્યા. નીતુ પણ અમારી સાથે જ છે. આગળના ભાગમાં લીલાં લીલાં ખેતરો લહેરાતાં હતાં. ત્યાંથી એકદમ અમે ઊડ્યા અને ઠેઠ ખેતરોની પેલી બાજુ જઈ જમીન પર ઊતર્યા. નીતુ ચાલતો ચાલતો અમારી પાસે આવ્યો. થોડે દૂર એક કૂવો હતો. કૂવાની કિનારી ઉપર બે ભાઈઓ ઊભા ઊભા ધીંગામસ્તી કરતા હતા. તેઓ પણ અમારા હાથમાંના રેડિયામાં વાગતી પ્રાર્થના સાંભળવા લાગ્યા. અમને બીક લાગે કે આ લોકો ધીંગામસ્તી કરે છે તે હમણાં કૂવામાં પડશે. એ કૂવાનું દૃશ્ય દેખાયું ત્યારે અમે જાગી ગયેલા. તેથી બાજુમાં પડેલા રેડિયામાં વાગતી પ્રાર્થના પણ સંભળાતી હતી અને અમારી બાજુમાં જ સૂતેલા બિપિનભાઈનાં (નાક) નસકોરાં પણ સંભળાતાં હતાં.

ઑપરેશનના કારણે અમને અગવડ ના પડે એટલા માટે બિપિનભાઈ ચોવીસે કલાક અમારી સાથે જ રહે છે. પછી તો અમે પથારીમાંથી બેઠા થયા. આખા સ્વપ્નને બરાબર યાદ કર્યું અને ત્યારે સાડા પાંચ વાગ્યે બિપિનભાઈ પાસે લખાવી લીધું.

એક એકથી ચડિયાતાં આવાં સ્વપ્નો અવારનવાર આવતાં જ હોય છે. તે બધાં કાંઈ લખી શકાતાં નથી. ક્યારેક પ્રેરણા થાય ત્યારે આવી રીતે લખાઈ જાય છે.

**બુદ્ધિને કસીએ નહીં તો કટાઈ જાય**

હું સૂતો હતો. ફેન સામે જોઈ જોઈ વિચારું કે આ ફેન માટેનું રિમોટ કંટ્રોલ નહીં આવતું હોય? અન્યોને પૂછતાં ખબર પડી કે નથી આવતું. પંખાની ગતિમાં વધઘટ કરવી હોય તો અમારે ઊઠવું પડે, પણ ઑપરેશનના કારણે ઊઠવામાં આળસ થાય. જો કે માણસ તો સતત મારી સાથે જ હોય. પણ ક્યારેક તે નહાવા-ધોવા કે જાજરૂ-પાણી ગયા હોય એટલે મેં ખૂબ બુદ્ધિ ચલાવીને પંખાનું રિમોટ કંટ્રોલ શોધી કાઢ્યું. પંખાનું રેગ્યુલેટર મોટા ભાગે બે કે ત્રણ પર જ હોય. થોડી થોડી ગરમી લાગવા માંડે એટલે હું પંખાની ગતિ વધારવા રિમોટ કંટ્રોલની સ્વીચ દબાવું, એટલે કે ધોતિયાને ડૂંટીથી સહેજ નીચે ઉતારું અને સદરાની ચાળને છાતી સુધી ઉપર ચડાવી દઉં, એટલે ગરમી ગુમ. અને જ્યારે પંખાની હવા વધુ લાગવા માંડે ત્યારે પાછું ધોતિયું ઉપર ચડાવી દઉં અને સદરાને નીચે ઉતારીને પેટ પર ઢાંકી દઉં, એટલે હવા ઓછી થઈ ગઈ.

જે કાંઈ સગવડ આપણી પાસે ન હોય તેને યાદ કરી કરીને દુ:ખી ના થવાય. પણ જે કાંઈ અને જેટલી કાંઈ સગવડ હોય તેનો બુદ્ધિપૂર્વક સંપૂર્ણ સદ્‌ઉપયોગ કરી લેવો જોઈએ. કોણી મારીને કૂઈડું ઊભું કરી લેવું જોઈએ. ભગવાને આપણને અમૂલ્ય તેવી બુદ્ધિ ભેટ આપી છે. એ બુદ્ધિને પૂરેપૂરી કસીએ નહીં તો તેને કાટ લાગી જાય. બુદ્ધિને પણ તરોતાજી રાખવા માટે કસવી જોઈએ. તેને પણ યોગ્ય માત્રાનો અને યોગ્ય પ્રકારનો વ્યાયામ અને મસાજ મળવો જોઈએ જ. ભગવાનને દોષ ન દઈએ પણ તેમના વરદાનરૂપી મળેલી બુદ્ધિનો ખરેખરો ઉપયોગ કરીને તેમને રાજી રાજી કરી દઈએ અને આપણા ગુરુસંતોને પણ સંતોષી દઈએ.

બિપિનભાઈ પાસે હું આ લખાવી રહ્યો છું ત્યારે પાડોશીના ઘરની ચોકડીમાંથી કપડાં ધોવાનો અને જોરજોરથી બોલવાનો અવાજ આવતો હતો જેથી મારે લખાવવા માટે ખૂબ ઊંચેથી બોલવું પડતું હતું. જો હું એ બધા અવાજને શાંત થવા દેવાની રાહ જોઉં તો ચાલે? ના ચાલે. તો પછી કુદરતી સ્ફુરણાઓ મરી જાય. એ તો પ્રસવના ટાઈમે ગમે તેવી પરિસ્થિતિમાં પ્રસવ થઈ જ જવો જોઈએ.

**મંત્ર કેવી રીતે કામ કરે છે?**

આપણે ગુરુસંતો પાસે જઈને આપણી તકલીફની ફરિયાદ કરીએ છીએ ત્યારે તેઓ આપણને તકલીફ દૂર કરવા માટે ખૂબ ઈશ્વર-સ્મરણ કરવાનું કહે છે, મંત્રના જાપ કરવાનું કહે છે. ત્યારે કળિયુગના જીવ આપણને શંકા-કુશંકા થવા લાગે છે કે એમ કાંઈ જપ કે ઈશ્વર-સ્મરણથી કાંઈ તકલીફ કે રોગ દૂર થતા હશે? તો એ વાતને, એ રહસ્યને સૂક્ષ્મ રીતે સમજવાનો પ્રયત્ન કરીએ. જેમકે આપણે રોગને દૂર કરવા માટે ગાયત્રીમંત્રના જાપ કરવા લાગીએ તો કાંઈ એ મંત્રના અક્ષરો આપણા રોગને દૂર નથી કરતા; પણ તે આપણી બુદ્ધિને તીવ્ર, સૂક્ષ્મ કરી અને પ્રેરણા આપે છે અથવા મંત્રની અદૃશ્ય સૂક્ષ્મ શક્તિ દ્વારા તે રોગ, તે તકલીફ દૂર થાય તેવી પરિસ્થિતિ સર્જાય છે. રોગ માટે આપણે શું કરવું જોઈએ? કેવા કેવા ઉપચાર કરવા જોઈએ? ક્યા ડૉક્ટર-વૈદ્યની સલાહ લેવી જોઈએ? એ બધાની આપણા અંતરમાં સ્ફુરણાઓ, પ્રેરણાઓ ઊભરાવા લાગે છે. આપણા રોગ માટે આપણે જે ઉપચારકને રોક્યા હોય છે તેના મગજમાં પણ તે મંત્રની સૂક્ષ્મ શક્તિ પ્રેરણા-સ્ફુરણા કરે છે કે આ દર્દી માટે શું કરવું? કેમ કરવું? કેવી રીતે કરવું? ક્યારે કરવું?

સ્થૂળ અને સૂક્ષ્મ તત્ત્વોના સંમિલનથી જ જગતના તમામ વ્યવહારો ચાલે છે. એકલું સૂક્ષ્મ તત્ત્વ જ કે એકલું સ્થૂળ તત્ત્વ જ કાંઈ નથી કરી શકતું. આ રહસ્યને જો ખૂબ સારી રીતે સમજી લઈએ તો આપણી

ઘણીખરી સમસ્યાઓનું, પ્રશ્નોનું સમાધાન થઈ જાય.

**મંત્રજાપ, ઈશ્વર-સ્મરણ, સ્તુતિ, પ્રાર્થના, આશિષ વગેરે સૂક્ષ્મ સાધનો છે. એ સૂક્ષ્મ સાધનો મનુષ્યના સૂક્ષ્મ શરીર પર અસર કરે છે, સૂક્ષ્મ શરીરમાં સ્ફુરણા-પ્રેરણા આપે છે. અને પછી સ્થૂળ શરીર સૂક્ષ્મ શરીરની પ્રેરણા-સ્ફુરણા મુજબ કાર્યાન્વિત થાય છે. આ સૂક્ષ્મ સાધનો સાધક માટે એવી અનુકૂળ પરિસ્થિતિ સર્જે છે કે તેને જેવી અને જેટલી મદદની જરૂરત હોય છે તેવી અને તેટલી તેને મળવા લાગે છે. આ એક મહા ગોપનીય રહસ્ય છે જે ગુરુસંતોની અહૈતુકી કૃપા દ્વારા જ જાણી, સાંભળી અને સમજી શકાય છે.**

**માણસે માણસે ફેર . . .**

વાતચીતના પ્રસંગમાં ઑપરેશન કરવાવાળા ડૉક્ટર સાહેબને મેં કહ્યું કે આપની પાસેથી ઊઠવાનું મન જ નથી થતું, જાણે આપની વાતો સાંભળ્યા જ કરીએ. કેવો હસમુખો ચહેરો! અને દર્દીઓ તરફ કેટલો વાત્સલ્યભાવ! કેટલી હમદર્દી!!

ત્યારે ડૉક્ટર સાહેબે ટૂંકો ને ટચ અને તેમના સ્વભાવની મહાન ઉદારતાનો પરિચય આપે તેવો જવાબ આપ્યો કે, "તે તો આપ યોગી છો એટલે આપને એવું દેખાય છે, એવું લાગે છે."

ઘરે પહોંચ્યા પછી તો મનમાં પ્રશ્નોની પરંપરા ચાલી કે તો જે યોગી ન હોય તેને ડૉક્ટરો કેવા લાગતા હશે? –

(૧) જે દર્દીઓ તેમની દવાથી, તેમની સારવારથી સાજા અને તાજામાજા અતિ ઝડપથી થઈ જતા હશે તેમને સૌને ડૉક્ટરો દેવદૂતો જેવા લાગતા હશે?

(૨) જે દર્દીને તેમની દવાનું રિએક્શન આવતું હશે તેને ડૉક્ટરો મૂર્ખ અને ખીસ્સાકાતરુ લાગતા હશે?

(૩) જે દર્દીઓની ફી માફ કરી દેતા હશે તેમને ડૉક્ટરો મહા દાનેશ્વરી લાગતા હશે?

(૪) જે દર્દીઓ સાથે ડૉક્ટરોને ખૂબ કઠોરતાથી વર્તવું પડતું હશે તેમને ડૉક્ટરો મહાનિર્દયી લાગતા હશે?

(૫) જે અતિ ગરીબ દર્દીની દવાઓ વગેરેના પૈસા પણ પોતે આપી દેતા હશે તેમને ડૉક્ટરો પોતાના માતાપિતા જેવા લાગતા હશે?

(૬) જે સ્ત્રી-દર્દી ઉપર ડૉક્ટરો બળાત્કાર કરતા હશે તે સ્ત્રીને તો બધા ડૉક્ટરો ધંધાની ઓથે કામવાસના પૂરી કરનારા કામીઓ-લેભાગુઓ જ લાગતા હશે ને? કહ્યું છે ને કે એક અંગારિયો આખું ખેતર બગાડે.

આમ પ્રશ્નોની તો ખૂબ પરંપરા ચાલી અને ડૉક્ટરોનાં અનેક સ્વરૂપની ઝાંખી થઈ. અંતે આ નીચેની સુક્તિ દ્વારા સમાધાન કરી લીધું કે – જા કી રહી ભાવના જૈસી, પ્રભુ-મૂર્તિ દેખી તીન તૈસી.

આ પ્રસંગ ચાલી રહ્યો છે ત્યારે વર્ષો પહેલાંની એક અતિ આદર્શ ફિલ્મની વાત યાદ આવી જાય છે જેનું નામ હતું 'ડૉક્ટર કોટનીસ કી અમર કહાની'. તેમાં વાત આવે છે કે ડૉક્ટર કોટનીસ ઑપરેશન થિયેટરમાં એક દર્દીનું ઑપરેશન કરી રહ્યા છે, બરાબર તે જ વખતે તેમને સંદેશો મળે છે કે તમારો પુત્ર સીરિઅસ છે માટે તાબડતોબ આવો. ડૉક્ટરને પોતાના સીરિઅસ પુત્ર પાસે પહોંચી જવાની તીવ્ર ઇચ્છા થઈ પણ તેઓ પોતાની જવાબદારી અને પોતાની વફાદારીને પ્રમાણિક રહ્યા અને પોતાના દર્દીનું ઑપરેશન સફળ રીતે પાર પાડ્યું. ત્યાં જ તેમને ખબર મળી કે તેમનો પુત્ર ગુજરી ગયો. આવા પણ ડૉક્ટરો હોય છે અને આ નીચે જે વાત લખીએ છીએ તેવા પણ ડૉક્ટરો હોય છે.

થોડા સમય પહેલાં ટીવી પર વાત સાંભળી હતી કે એક ડૉક્ટર પિતા પાસે તેમનો ડૉક્ટર પુત્ર હરખાતો હરખાતો આવીને કહે છે કે, "તમે એક મહિના માટે ફરવા ગયા હતા ત્યારે તમારા એક શેઠ દર્દીની દવા મારે કરવી પડી અને તે હવે સંપૂર્ણ સાજા થઈ ગયા છે." ત્યારે ડૉક્ટર પિતાએ પુત્રના ગાલ પર થપ્પડ ચોડી દીધી અને ગુસ્સામાં લાલ-ચોળ થઈને કહેવા લાગ્યા કે "તેના તરફથી નિયમિત મળતી ફીના પૈસામાંથી જ તને પરદેશ ભણવા માટે મોકલી શકાયો હતો. તને મૂરખને આ બધી ખબર ક્યાંથી હોય?" (ડૉ. પિતાનો કહેવાનો ભાવાર્થ તો વાચકો સમજી જ જશે.)

આવા કિસ્સાઓને લક્ષ્ય કરીને જ અનુભવીઓએ કહ્યું હશે કે: માણસે માણસે ફેર, કોઈ તો લાખેય ન મળે અને કોઈ છે ટકાના તેર.

ડૉ. કોટનીસ જેવા અતિ ઉમદા મહામાનવો અને રોગીનો રોગ લંબાવીને પૈસા ખંખેરનારા ડોક્ટરો જેવા અતિ નીચ માનવો તો જવલ્લે જ જોવા મળે છે. બાકી તો સૌ મધ્યમ-સામાન્ય રીતે જ જીવન વ્યતીત કરતા હોય છે.

### સેવાનું અમૂલ્ય મૂલ

પરમ કૃપાળુ, પરમ ગુરુ પરમાત્માને પ્રાર્થના કરીએ કે તેઓ આપણને એવી પરમ પવિત્ર અને તીવ્ર સૂક્ષ્મ બુદ્ધિ આપે કે આપણે સેવાનું - ગુરુસંતોની સેવાનું અમૂલ્ય મૂલ્ય સંપૂર્ણપણે સમજી શકીએ. જે વસ્તુને અતિ મૂલ્યવાન સમજીએ છીએ તેને લેવાનો, પ્રાપ્ત કરવાનો આપણે ભરપૂર પ્રયત્ન કરીએ છીએ. અત્યારે તો આપણે ભૌતિક સ્થૂળ સામગ્રીને જ અતિ મૂલ્યવાન સમજી બેઠા છીએ. તેથી એની પાછળ જ આંધળી દોટ મૂકી છે. પણ કાંઈ મૃગજળથી તરસ છિપાય? કદી નહીં. મનુષ્યજન્મ સફળ, સાર્થક કરવા સેવામાં પ્રીતિ જોડવી પડશે અને સેવામાં પ્રીત ત્યારે જ જોડાય કે જ્યારે સેવાના સર્વશ્રેષ્ઠ મૂલ્યને આપણે સમજી શકીએ. તેથી જ પરમાત્માને પ્રાર્થના કરવાની છે કે તેઓ આપણને સર્વશ્રેષ્ઠ મૂલ્યોને સમજી શકીએ તેવી બુદ્ધિ આપે. અત્યારે તો આપણી બુદ્ધિ કચરાપટ્ટીને બહુ મૂલ્યવાન સમજી બેઠી છે.

રસ્તા ઉપરથી આપણે પસાર થતા હોઈએ અને આપણી આજુબાજુ પસ્તીના પુષ્કળ ટુકડા ઊડતા હોય તો તેની સામે આપણે નજરેય કરતા નથી. કારણકે આપણને ખબર છે કે તે રદ્દી કાગળિયાનું કાંઈ જ મૂલ્ય નથી. પણ જો તે પસ્તીના ટુકડાની જગ્યાએ સો-સો અને પાંચસો-પાંચસો રૂપિયાની નોટો ઊડતી હોય તો એ લેવા માટે આપણે અધીરા થઈ જઈએ. બીજા બધા એ નોટોને લેવાનો પ્રયત્ન કરતા હોય તેમને દૂર હડસેલી હડસેલીને વધુમાં વધુ નોટો આપણા ખિસ્સામાં ભરવાનો પ્રયત્ન કરવા લાગીએ. કેમકે તે નોટોના મૂલ્યની આપણને ખબર છે તેથી. નાના બાળકને મન સો, પાંચસો કે હજારની નોટ કાગળિયા બરાબર છે કારણકે તેને તેના મૂલ્યની કાંઈ ખબર નથી. બાળકની પાસે હજારની નોટ અને લાલ-પીળા રંગનો ચમકતો કાગળ મૂકીએ તો તે ચમકતા કાગળનો ટુકડો જ લેશે. કારણકે તેને કાગળનો ચળકાટ લોભાવે છે. તેવી જ રીતે આપણે પણ ભૌતિક સામગ્રીઓના ચળકાટમાં પ્રલોભાઈને તે જ લેવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ અને મહા મૂલ્યવાન એવી સામગ્રી તરફ દુર્લક્ષ સેવીએ છીએ. જે વસ્તુની જેટલી કિંમત છે તેની તેટલી બરાબર કિંમત સમજી લેવા માટે જ આપણે ગુરુસંતો પાસે જવાનું છે. ગુરુસંતોની પણ એ ફરજ છે કે તેઓ, સૌને વસ્તુના યથાયોગ્ય મૂલ્યને સમજાવે. સૌ કોઈ મૂલ્યવાન વસ્તુ જ ઇચ્છે છે. કોઈને ઓછું મૂલ્યવાન નથી જોઈતું હોતું. પરંતુ અજ્ઞાનતાના કારણે રદ્દી કાગળિયાં ભેળાં કરીકરીને પછી મનુષ્ય પસ્તાય છે. કાગળિયાની અને સો રૂપિયાની નોટની કિંમત બરાબર સમજાઈ ગયા પછી મનુષ્યને કહેવું નથી પડતું કે તું કાગળિયું ન લે પણ સોની નોટ લે, તે પોતાની મેળે જ સોની નોટ લે છે.

### યહ તો સુમિરન નાહીં

**માલા તો કરમેં ફિરે, જિહ્વા ફિરે મુખમાંહી;**
**મનવા તો ચહુદિશ ફિરે, યહ તો સુમિરન નાહીં.**

પણ માળા ન ફરે અને એકલું મન ચારેય દિશાઓમાં ભટક્યા કરે તેના કરતાં માળા અને મન બંને ફરે તે સાપેક્ષ રીતે સારું કહેવાય કેમકે જો મંત્રજાપ અને માળા બંને ચાલુ હોય તો મનને ભટકવાનો ઓછો અવકાશ મળે. મંત્ર જપાતો હોય ત્યારે, મંત્ર પૂરો થાય ત્યારે, બીજો મંત્ર શરૂ કરતી વખતે મનને ત્યાં રોકવું પડે છે. વળી મંત્ર પૂરો થાય ત્યારે ત્યારે માળાનો મણકો પણ બદલવાનો હોય. આ બધાં કાર્યો કાંઈ મનની એકાગ્રતા વગર નથી થતાં. આ બધાં કાર્યોમાં મન જેટલા અંશે લાગેલું રહે છે તેટલા અંશે તે બહાર ઓછું ભટકે છે. આ સાધનો દ્વારા તાલીમ મળ્યા પછી આ બધાં સાધનો વિના પણ મન એકાગ્ર થવા લાગે છે.

### આપે વ્યાજ સહિત

શાસ્ત્રોમાં કહ્યું છે કે એક ગણું દાન, સહસ્ર ગણું

પુણ્ય. કોઈને એક રૂપિયો દાન કરીએ તો આપણને એક હજાર રૂપિયા પાછા મળે. પણ કાંઈ એ હજાર રૂપિયા આપણને આપણે જેને એક રૂપિયો દાન કર્યું હોય છે તે નથી આપતો; એ તો કુદરત આપે છે, અને તે એક રૂપિયાના બદલામાં હજાર રૂપિયા જ આપે એવું કાંઈ નહીં, કુદરત તો તેને જે રીતે ઠીક પડે તે રીતે અને ગમે ત્યાંથી હજાર રૂપિયાનો લાભ કરાવી દે છે. આપણી કોઈ મુંઝવણભરી સમસ્યાનો ઉકેલ આવી જાય, કે અસાધ્ય રોગ મટવા માંડે તો એ તો કરોડો રૂપિયા કરતાં પણ વધુ લાભ મળ્યો કહેવાય. જેમ આપણે કોઈને કોઈ કામ સોંપ્યું હોય અને તે કામ કરતાં તેને કાંઈ નુકસાન થાય તો તે નુકસાન આપણે ભરપાઈ કરી દઈએ છીએ. તો કુદરત પોતાના નિયમને આધીન રહીને વર્તનારાને ખોટમાં રહેવા દે? કદી ના રહેવા દે. ભલે કહ્યું કે એક ગણું દાન, સહસ્ર ગણું પુણ્ય. પણ એનો અર્થ હજાર ગણું જ નહીં, એ તો લાખ ગણુંય હોય, કરોડ ગણુંય હોય અને અમૂલ્ય પણ હોય; પણ હજાર ગણાથી ઓછું તો ના જ હોય. કહ્યું છે ને કે ''કોઈનો ભાર ન રાખે મોરારી, આપે વ્યાજ સહિત ગિરધારી.''

### મનથી સંન્યાસ

કોઈ કોઈ તો ઘણી મોટી ઊંમરે સંન્યાસ ગ્રહણ કરે છે. આ રીતે ઘણી બધી મળતી સગવડોનો પણ ત્યાગ કરે છે અને પોતના કુટુંબ પ્રત્યેના સ્નેહ, પ્રેમ, વાત્સલ્યને વિશ્વભરમાં વ્યાપક કરી દે છે અને વસુધૈવ કુટુમ્બકમ્‌ની રીતે જીવે છે. આ તેમના સ્વભાવની ઘણી મોટી આધ્યાત્મિક શૂરવીરતા ગણાય. વળી કોઈ તો કપડાંયે બદલતા નથી અને ગૃહેય ત્યાગતા નથી અને 'જૈસે થે' રીતિમાં રહીને સંન્યાસી જેવું જીવન જીવે છે. મનને જ એવું કેળવી લે છે કે હર્ષ-શોક, સુખ-દુઃખ વગેરેથી પર નીકળી જવાય. આ પણ ખૂબ ઊંચી સ્થિતિ ગણાય.

### કહો, હવે કોઈ પ્રશ્ન છે?
### (ડૉક્ટર-દર્દીની જોક)

ડોક્ટર સાહેબે પોતાના દર્દીને કહ્યું કે હમણાં તમારે દૂધ નહીં ખાવાનું. દર્દી કહે ભલે સાહેબ. અને પછી દર્દી ઘેર ગયા. પછી અર્ધા કલાકમાં ડોક્ટર પર ફોન આવ્યો કે મારે ચા પિવાય કે ડૉક્ટર સાહેબ? ડોક્ટર કહે ના. ફરી ફોન આવ્યો કે મારે પેંડો ખવાય કે? ડોક્ટર કહે ના. વળી પાછો અર્ધા કલાકે ફોન આવ્યો કે મારે દૂધપાક, રબડી કે ગુલાબજાંબુ ખવાય કે નહીં? ડોક્ટરે કંટાળીને જવાબ આપ્યો કે તમારે જે ખાવું હોય તે ખાજો, પણ મારું માથું ખાશો નહીં. જેમ આ એક જોક છે તેમ બીજી પણ એક જોક સાંભળીને જ્ઞાન સાથે ગમ્મત મેળવીએ -

ડૉક્ટર સાહેબ! હું થોડુંક ચાલું છું ત્યાં મને શ્વાસ ચડી જાય છે. ડોક્ટર કહે, કશો વાંધો નહીં, આપણી પાસે એની દવા છે. દર્દી કહે, ડૉક્ટર સાહેબ! શ્વાસની દવા લઉં છું તો મારા હૃદયના ધબકારા વધી જાય છે. ડોક્ટર કહે, કશો વાંધો નહીં, એની પણ આપણી પાસે દવા છે. દર્દી કહે, એ દવાથી મને હાર્ટએટેક આવે છે. ડોક્ટર કહે, કશો વાંધો નહીં, એની પણ આપણી પાસે દવા છે. દર્દી કહે, એ દવાથી મને હૃદય બંધ પડી જવાની બીક લાગે છે. ડૉક્ટર કહે, કશો વાંધો નહીં, એની પણ દવા આપણી પાસે છે. દર્દી કહે, સાહેબ! એની કઈ દવા આપની પાસે છે? ડૉક્ટર કહે, વાજતેગાજતે અને ધામધૂમથી તમારો અગ્નિસંસ્કાર કરી નાંખીશું. કહો, હવે કોઈ પ્રશ્ન છે? દર્દી કહે, ના સાહેબ, તમામ પ્રશ્નોનો ઉત્તર મને મળી ગયો. આપનો ખૂબ ખૂબ આભાર.

સામાની યોગ્યતાને સમજવા જેટલી આપણામાં પણ યોગ્યતા હોવી જોઈએ.

### ... એ તો સ્વભાવ બની જવો જોઈએ.

સત્કર્મો કરવાં, સદ્‌આચરણ કરવું, ગુરુસંત-સેવા કરવી, પરોપકાર કરવો વગેરે; એ બધું તો સ્વભાવ બની જવો જોઈએ. તો એ કાયમ ટકે અને એનો ભાર ના લાગે.

સત્કર્મો કે સદ્‌આચરણો જો દેખાદેખી, કે પ્રદર્શન માટે, કે વ્યવહાર સાચવવા, કે હરીફને નીચું દેખાડવા, કે કોઈના દબાણથી, કે કામ કઢાવી લેવા, કે અહંકાર પોષવા, કે ઉત્સાહ-ઉમંગ સિવાય, કે ''બેકારસે બેગાર ભલી'' કરવા માટે, કે ''જે કામ કોઈ નથી કરી શકતા તે

મારે કરી બતાવવું" એવા ભાવથી, કે ક્ષણિક આવેગના કારણે, કે "પલાળ્યું એટલે મુંડાવવું પડશે" એવું ધર્મસંકટ આવી જવાના કારણે, વગેરે વગેરે કારણોસર જો સત્કર્મો કરતા હોઈએ તો તેનો મન-મસ્તક પર બોજ લાગે અને જેનો બોજ લાગે તે કાયમ માટે ના નભી શકે. ગુણિયલ, સાત્ત્વિક, પવિત્ર જીવન એ તો સ્વભાવ બની જવો જોઈએ. જે બાબતનું સત્કારપૂર્વક અને સતત સેવન-આચરણ કરવામાં આવે છે તે પ્રમાણેનો સ્વભાવ બની જાય છે. જેમ ઉષ્ણતા અને પ્રકાશ એ સૂર્યનો ધર્મ છે - સ્વભાવ છે; જેમ શ્વાસોશ્વાસ લેવો-મૂકવો તે જીવમાત્રનો સ્વભાવ છે અને તેથી જીવનભર તેને લેવા-મૂકવા છતાં તેનો બોજ નથી લાગતો, તેનો કંટાળો નથી આવતો, તેનો થાક નથી લાગતો.

જ્યારે આવો સ્વભાવ બની જાય ત્યારે જ સાત્ત્વિકતાનું પવિત્રતાનું અખંડપણું જળવાય અને તે અખંડપણું જ મોક્ષનાં દ્વાર ખોલવામાં મદદગાર થાય.

મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને જો મોક્ષ મેળવવાનો પ્રયત્ન ન કરી શક્યા તો શું કર્યું? આહાર, નિદ્રા, ભય અને મૈથુનની પ્રવૃત્તિ તો પશુપક્ષી પણ કરે છે. મનુષ્યમાં સારાસાર વિવેક-બુદ્ધિ છે તે જ તેની પશુપક્ષીઓ કરતાં વિશેષતા છે.

### આચરણમાં મૂકીએ

આ વર્ષ પ.પૂ.ગુરુદેવનું અમૃત મહોત્સવ વર્ષ તરીકે ઊજવાય છે. ઓમ્‌પરિવારમાં "ઓમ્‌જયંતિ"નું મહત્ત્વ અનેરું છે. ગઈ ઓમ્‌જયંતિએ દર મહિનાના ચોથા રવિવારે ધૂનનો કાર્યક્રમ જુદા જુદા ભક્તોને ત્યાં થયો.

ચંદ્રકાંતભાઈએ કે જેઓ ગુરુજીના ભક્ત છે તેમણે આગ્રહપૂર્વક વિનંતી કરીને ઓમ્‌જયંતી પહેલાં ધૂનનો કાર્યક્રમ ગુરુજી પાસે માંગી લીધો, જેના ઉપક્રમે આજે સવારે (તા.૧૨-૧૦-૦૩) નવ વાગ્યે "ઓમ્ ગુરુ ઓમ્" મંત્રની ધૂન શરૂ થઈ.

પૂજ્ય ગુરુદેવની નાદુરસ્ત તબિયત હોવા છતાં, સૌ ગુરુપ્રેમીઓની લાગણી તથા ભક્તિનો વિચાર કરી આશરે દસ વાગ્યે કાર્યક્રમમાં પધારવા પલિયડનગરથી પ્રયાણ કર્યું. શ્રી ચંદ્રકાંતભાઈએ પૂજ્યશ્રીનું સામૈયું "ઓમ્ ગુરુ ઓમ્" મંત્રની ધૂન બોલતાં બોલતાં અનેક ગુરુભાઈબહેનોની હાજરીમાં કર્યું. ભક્તોએ તિલક અને પુષ્પહારની વિધિના સમયે 'સત્ય-ધર્મગુરુદેવકી જય'થી વાતાવરણ ગજવી દીધું. "ઓમ્ ગુરુ ઓમ્"ના મંત્ર લખેલી ધજાઓથી શણગારેલ સભામંડપમાં અગિયાર વાગ્યા સુધી ધૂન થઈ.

ઓમ્‌પરિવારના લાડીલા શ્રી પંકજભાઈ કે જેમને ગુરુજીએ ગુરુપાદપંક નામ આપ્યું છે તેમણે "ઓમ્ ગુરુ ઓમ્" મંત્રની અગત્યતા સમજાવી. ઓમ્ એ જ ગુરુ અને ગુરુ એ જ ઓમ્ એમ કહી વધુમાં કહ્યું કે ગુરુજીમાં ઓમ્‌નાં દર્શન કરો.

પૂજ્યશ્રી ગુરુદેવે આશીર્વચનમાં જણાવ્યું કે ઓમ્ પરિવારમાં સૌ વર્ષોથી આવો છો. અમે સ્વાધ્યાયસત્સંગમાં ઘણું બધું આપી દીધું છે. હવે તો તે વચનામૃત, કે જે પુસ્તકરૂપે તથા 'રૂતમ્ભરા' સામયિકમાં પિરસાતા સાહિત્યરૂપે સૌને મળે છે; તે મુજબ આચરણ કરવાનું છે, તેવું જીવન જીવવાનો પ્રયત્ન કરવાનો છે. જેથી આ જન્મમરણના ચકરાવામાંથી છૂટી જવાય.

અનન્ય ગુરુભક્ત શ્રી ચંદ્રકાંતભાઈ તથા ઇન્દીરાબેનને પૂજ્ય ગુરુદેવે શાલ ઓઢાડી આશીર્વાદ પાઠવ્યા. આ ગુરુનિષ્ઠ દંપતીએ પૂજ્યશ્રીને ચરણસ્પર્શ કરી પોતાને ધન્ય બનાવ્યાં. તેમણે તથા તેમના સ્નેહીજનોએ પ્રણવવંદનાના ગાન સાથે ઓમ્‌ભગવાનની આરતી ઉતારવાનો અનેરો લહાવો લીધો.

નાદુરસ્ત તબિયત હોવા છતાં પૂજ્યશ્રીએ કાર્યક્રમમાં હાજરી આપી સૌને ભાવવિભોર કરી દીધા. કાર્યક્રમના સમાપનમાં આરોગ્યસૂત્રો બોલી સત્સંગ પૂર્ણ કર્યો.

### ભગવાનના ચરણોમાં પિયર
### ૧૩મી તારીખે સાસરે જઈશું.

પૂજ્ય ગુરુદેવે કહ્યું કે તેરમી તારીખે પિયરથી સાસરે જઈશું, એટલે કે ડૉક્ટર ભિક્ષુજીને ત્યાંથી મણીનગર "ધર્મમેઘ"માં અમારા નિવાસે જઈશું. દીકરી પિયરમાં જાય ત્યારે ખૂબ આરામથી અને સ્વતંત્રતાથી રહે. જ્યારે ઠીક પડે ત્યારે ઊઠે, ઠીક પડે ત્યારે નહાય,

ખાય, ફરવા જાય, ભાવતી વસ્તુ ખાય વગેરે. અને સાસરામાં તો ઘડિયાળના કાંટે રહેવું પડે. અમે પણ ડૉક્ટર ભિક્ષુજીના ત્યાં પાંત્રીસ દિવસ ખૂબ આરામથી, આનંદથી રહ્યા. તા.૮-૯-૦૩ના દિવસે હરસ-મસાના ઑપરેશન માટે સવારે દસ વાગ્યે દવાખાનામાં દાખલ થયા. ચાર વાગ્યે ઑપરેશન થયું. નવમી તારીખે સવારે નવ વાગ્યે રજા મળી ગઈ. પણ અમે સાંજે પાંચ વાગ્યે દવાખાનામાંથી વિદાય લીધી. ડૉક્ટર ભિક્ષુજી દવાખાનેથી સીધા તેમના ઘેર લઈ ગયા. ત્યાં આખું કુટુંબ સેવામાં ખડે પગે રહ્યું. પહેલે દિવસે રાત્રે એકદમ ઝાડાની અસર થઈ. પહેરેલ કપડું અને રૂમ થોડા થોડા ખરાબ થયા. એ વખતે ડૉક્ટર કાન્તિભાઈ (સર્જન) હાજર હતા. તેમણે બધું સાફ કરી નાખ્યું અને કહેવા લાગ્યા કે ''ગુરુજી ચાર-પાંચ દિવસ આમ બધાને થાય, એની જરાય ચિંતા ન કરવી.'' આમ કહીને મારો સંકોચ ઉડાડવાનો પ્રયત્ન કર્યો. શરૂશરૂમાં જાંગિયામાં રૂનાં પેડ મૂકતા હતા કે જેથી કપડું સહેજ પણ ન બગડે. પછી પેડ બંધ કરવાનું ઑપરેશનવાળા ડૉક્ટર સાહેબે કહ્યું પણ અમે ચાલુ રાખ્યાં. એટલે ડૉક્ટર ભિક્ષુજીએ કહ્યું કે ગુરુજી! પેડ મૂકવાથી આવા ભાગ પર સહેજ ઘસારો લાગે માટે હવે પેડ બંધ કરી દઈએ. મેં કહ્યું કે જાંગિયા પર સહેજ પણ ડાઘ ન પડે માટે મૂકું છું. તેઓ કહે - ડાઘ પડશે તો નિરુબેન (તેમના ધર્મપત્ની) ધોઈ નાખશે. મેં કહ્યું - ડાઘવાળો જાંગિયો નિરુબેન ધોવે ત્યારે મને એમ થાય કે હું કેવો નિષ્ઠુર છું!? તેઓ કહે - તો અમે ધોઈ નાખીશું. મેં કહ્યું - આ તો મેં મારા સ્વભાવની વાત કરી. મારા સ્વભાવનું આવું ઘડતર-બંધારણ છે. પણ અનિવાર્ય જરૂરત પડે ત્યારે તેમાં પણ બાંધછોડ કરવી પડે તે પણ જાણું છું. આપણી શક્તિ હોવા છતાંય જરૂરતવાળાને મદદ ન કરવી એ અતિ કંજૂસાઈ, અતિ જડપણું છે; અને જ્યારે આપણને અતિ જરૂરત ઊભી થાય અને કોઈ મદદ આપવા તૈયાર હોય તોય તેની મદદ ન લેવી તે પણ સૂક્ષ્મ અહંકાર છે.

આટલી બધી સુખસગવડ, સ્નેહપ્રેમ, આત્મીયતા વગેરેના કારણે ડૉક્ટર ભિક્ષુજીના ઘરને અમે પિયર કહ્યું. ખરેખર તો અમારે સાસરું છે જ ક્યાં? બધે જ પિયર છે. વિશ્વ આખું અમારું પિયર. પરમાત્માના ચરણોમાં જે બેસી જાય તેને માટે પછી વિશ્વ આખું પિયર જેવું અર્થાત્ સુખસગવડ અને સ્નેહપ્રેમથી ભરેલું થઈ જાય.

પાંત્રીસ દિવસ ડૉક્ટર ભિક્ષુજીને ત્યાં રહ્યા ત્યારે તેમના કુટુંબ સિવાય પણ ઘણા બધા ગુરુપ્રેમીઓએ સેવાનો લાભ લીધો. શ્રી શશિકાંતભાઈ એક અઠવાડિયું ચોવીસે કલાક અમારી સાથે રહ્યા. શ્રી બિપિનભાઈ બાકીના બધા દિવસો ચોવીસે કલાક સાથે રહ્યા. તેમની ચોવીસ કલાકની મારી પાસેની હાજરીના કારણે મને બિલકુલ એકાંત ના લાગ્યું અને તેથી બેચેની, ગભરામણ કે દવાની આડઅસર જેવી કોઈ અસર ના થઈ. બિપિનભાઈ મારી સાથે હતા તે દરમ્યાન તેમના પુત્રને ઑપરેશન કરાવવું પડેલું. ત્યારે પણ તેઓ બે દિવસ તેની પાસે દવાખાને રહીને પાછા તુરત આવી ગયેલા. તેઓ બંને સંપૂર્ણ ગુરુનિષ્ઠ અને કહ્યાગરા સ્વભાવના એટલે મને ખૂબ હૂંફ રહેતી.

ડૉક્ટર ભિક્ષુજીની આધ્યાત્મિક રુચિ ખૂબ જોરદાર. ઉમદા ગુણો એ તો તેમને માતાપિતાનો વારસો અને ગુરુપ્રેમ એ તો તેમનો સ્વભાવ. ક્યાંય દેખાદેખી કે પ્રદર્શન કે અહંકાર કે છીછરી સમજણ તેમના સ્વભાવમાં જોવા ન મળે. ઘણાં વર્ષો પહેલાં તેમને મણીનગરમાં પણ દવાખાનું હતું. તે દવાખાનું તેમણે કાઢી નાખ્યું અને ફક્ત નારણપુરામાં જ રાખ્યું. ત્યારે કોઈએ તેમને પૂછેલું કે મણીનગરનું દવાખાનું કેમ કાઢી નાંખ્યું? જવાબ મળ્યો કે - ''મારીએ ગુરુજી સાથે થોડો સમય બેસવાની ઇચ્છા હોય ને? જો બે દવાખાનાં રાખું તો પછી ગુરુજી સાથે બેસું ક્યારે?'' આ હકીકત મને એક ભાઈ દ્વારા જાણવા મળેલી.

## ગાયત્રીમંત્રનો જપ ચાલુ હતો!

મને ઑપરેશન ટેબલ પર સુવાડીને મારું વસ્ત્ર દૂર કરવાનો પ્રયત્ન ત્યાંના માણસે કર્યો પણ ધોતિયું કમરમાંથી છૂટે નહીં. મેં કહ્યું કે સાહેબ મને જો હાથ ઊંચો કરવાની રજા હોય તો હું ધોતિયું ખોલી આપું. સ્વીકૃતિ મળી એટલે હાથ ઊંચો કરીને, કમરમાં ધોતી વણાયેલી હતી તે ખોલી નાખી એટલે તરત તેમણે ધોતી

દૂર કરી. પછી એનેસ્થેસિયા આપવાવાળા સાહેબે કહ્યું કે દાદા! હવે તમને હાથની નસમાં ઇન્જેક્શન આપીને બેભાન કરીએ છીએ. મેં પૂછ્યું કે, સાહેબ, પહેલાં તો કમરમાં ઇન્જેક્શન આપીને એટલો ભાગ બહેરો કરવાનું નક્કી થયું હતું તે બધું ફરી કેમ ગયું? પણ તેનો ખુલાસો કરવા જેટલો સમય નહોતો. ડૉક્ટરે થોડા પ્રશ્નો પૂછ્યા એટલે મેં ડૉક્ટર કાન્તિભાઈને કહ્યું કે બહારથી ડૉક્ટર સોમાભાઈને (ડૉક્ટર ભિક્ષુજીને) બોલાવો, તેમને બધી ખબર છે, કારણકે તેઓ મારા ડૉક્ટર પણ છે. સોમાભાઈને બોલાવી લીધા. ડૉક્ટરો અને તેમના સહાયકો મળીને દસ-બાર માણસો મારા ટેબલના ફરતે ઊભા હતા, સંપૂર્ણ સાવધાની સાથે. ડૉક્ટરે ઇંજેક્શન માટે મારો ડાબો હાથ તેમના હાથમાં લીધો અને પૂછવા લાગ્યા કે દાદા! ચિંતા થાય છે? હાથ પર પરસેવો વળી ગયો છે! મેં કહ્યું, સાહેબ ચિંતા તો થાય પણ પરસેવો ચિંતાનો નથી. પ્રશ્ન - તો શાનો છે? ઉત્તર - હું મારી રૂમમાં પંખો એક કે બે પર જ રાખું છું એટલે. પ્રશ્ન - કેમ? ઉત્તર - શરદી અને છીંકોની બીકે. તેમણે કહ્યું કે હવે ઇન્જેક્શન મારીએ છીએ, સહેજ ઊંઘ જેવું લાગશે. હું વિચારતો હતો કે સહેજ ઊંઘ જેવું લાગે એટલે ગાયત્રીમંત્ર શરૂ કરી દઉં, પણ ત્યાર પછી શું થયું તેની કાંઈ-કશી ખબર નથી. મેં આંખ ખોલી ત્યારે હું મારી રૂમમાં (દવાખાનાની) મારા ખાટલા પર સૂતો હતો. બધા આપણા માણસોને જોયા. પણ કાંઈ નક્કી થાય નહીં કે હું ક્યાં છું? ત્યાં સુધીમાં દવાની અસર ઊતરી ગઈ હતી અને થોડી થોડી પીડાની શરૂઆત થઈ હતી. મેં ભિક્ષુજીને પૂછ્યું કે ડૉક્ટર! આ બધો ફેરફાર કેમ થઈ ગયો? તમે તો કહેતા હતા કે છ-આઠ કલાક પીડા નહીં થાય. હવે જે કરવાનું હોય તે કરો. તેમણે ઓફિસમાં ખબર આપ્યા એટલે એક ભાઈ આવીને ઇન્જેક્શન આપી ગયા એટલે પીડા શાંત થઈ. તે બે દિવસ સુધી તેની અસર રહી હતી. હવે મારી વૃત્તિ અંતરમાં વળી તો આશ્ચર્ય થયું. મનમાં તો ગાયત્રીમંત્ર ચાલતો હતો! બેભાન અવસ્થામાં જતાં પહેલાં તો હું ગાયત્રીમંત્ર પ્રારંભ કરી શક્યો નહોતો તોય ગાયત્રીમંત્ર મનમાં જપાતો અનુભવીને મને ખૂબ આનંદ અને આશ્ચર્ય થયાં. આ પ્રસંગે પરમ કૃપાળુ પરમ શક્તિએ જ પોતાનું અહૈતુકી કૃપાનું કામ કરવાનું સંભાળી લીધું હતું. અનુભવીની આ વાણી કેટલી બધી સત્ય છે કે,

**સાહેબ કે દરબાર મેં, કમી કછુકી નાહીં;**
**કર્મહીન નર પાવત નાહીં, ચૂક ચાકરી માંહી.**

**ડૉક્ટર ભિક્ષુજીના ત્યાંથી વિદાય**
**(ગૃહસ્થી સમાજસેવા વધુ કરી શકે)**

હરસના ઑપરેશન પછી પાંત્રીસ દિવસ સુધી ડૉક્ટર ભિક્ષુજીના ત્યાં આરામ માટે રહેવાનું થયું. તા.૧૩-૧૦-૦૩ની સાંજે સાડા પાંચ વાગ્યે ત્યાંથી ''ધર્મમેઘ''માં આવવા માટે નીકળ્યો. વિદાય લેતી વખતે આખું કુટુંબ ભેગું થઈ ગયું. સૌએ આરતી ઉતારી. એ વખતે આશીર્વચનમાં કહ્યું કે -

તમારા કુટુંબનો સંપ જોઈને હું ખૂબ રાજી થયો છું, મને ખૂબ સંતોષ થયો છે. ગુરુજી તરફનો પ્રેમ અને તમારી સેવા અજોડ છે. એ બધું જોઈને અમે ખૂબ રાજી થયા છીએ, પણ સવિશેષ રાજી તો તમારો સંપ જોઈને થયા છીએ. બીજું બધું હોવા છતાંય જો કુટુંબમાં સંપ ના હોય તો બીજું બધું ગૌણ છે.

આ પ્રસંગે અમને એક સંતે કહેલી અતિ મૂલ્યવાન વાત યાદ આવે છે. બનતા સુધી આ વાત કેદારનાથજીના પુસ્તકમાંથી વાંચવા મળેલી. તેઓ કહેતા કે - લોકો કહે છે કે ગૃહસ્થાશ્રમી કરતાં બ્રહ્મચારી સમાજસેવા વધુ કરી શકે (પોતે બ્રહ્મચારી હતા). કારણકે તેને પોતાના કુટુંબની કોઈ જવાબદારી ના હોય. ગૃહસ્થી તો અનેક ઉપાધિઓથી વીંટળાયેલો હોય. પણ મારું માનવું છે કે બ્રહ્મચારી કરતાં ગૃહસ્થાશ્રમી જ સમાજસેવા વધુ સારી રીતે કરી શકે. કારણકે એ જૂથમાં હોય તેથી ઘણી જગ્યાએ પહોંચી વળે. બ્રહ્મચારી એકલો હોય. તેને યોગ્ય સાથીઓ ના મળે તો તે કાંઈ જ ના કરી શકે. મોટા કુટુંબવાળા ધારે તે કરી શકે, શરત એટલી કે કુટુંબમાં સંપ હોવો જોઈએ.

શ્રી કેદારનાથજીનું ''વિવેક અને સાધના'' પુસ્તક સાધકો માટે અતિ ઉપયોગી પુસ્તક છે. તેઓ શ્રી

કિશોરલાલ મશરૂવાળાના ગુરુ હતા. ઘણાં વર્ષો પહેલાં હું તેમને, અમદાવાદ આવેલા ત્યારે મળવા ગયેલો. મેં તેમને કહ્યું કે આપે મંત્ર દ્વારા સર્પ ઉતારવાની જે વાત લખી છે તે વિદ્યા જાણવાની મારી ઇચ્છા છે. તો તેમણે કહ્યું કે તેની શરતો પાળવાની ખૂબ કઠિન છે. મેં કહ્યું, આપ કહો, હું પ્રયત્ન કરીશ. તેમણે કહ્યું કે રજસ્વલા સ્ત્રીનું મુખ નહીં જોવાનું. મેં કહ્યું કે આ સિવાયની બીજી કઠિન શરતો કદાચ હું પાળી શકું પણ આ શરત બહુ કઠિન છે કઠિન એટલા માટે કે હું ભલે પરણેલો નથી પણ કુટુંબમાં રહું છું, સમાજમાં ખૂબ ફરું છું, તેથી મારા માટે અને અન્યો માટે બેહદ અગવડતા ઊભી કરે માટે સંભવ નથી.

ડૉક્ટર ભિક્ષુજીના ત્યાંથી વિદાય વખતે આવી બધી ઉપયોગી વાતો થઈ. પછી ડૉક્ટર ભિક્ષુજી, નિરુબેન અને શ્રી બિપિનભાઈ મને ''ધર્મમેઘ''માં મૂકી ગયા. ધર્મમેઘમાં પ્રવેશીને ડૉક્ટર ભિક્ષુ અને નિરુબેન વતી મેં જ ભાભીને કહ્યું કે - આ (ગુરુજી) તમારી થાપણ તમને સોંપીએ છીએ, નવી-નકોર કરીને.

### બાર વર્ષ સુધી વિચાર કર્યો હતો

એક મિત્ર મળવા આવ્યા. તેઓ કહે - પંચોતેર વર્ષની ઉંમરે અને આટલા અશક્ત શરીરે હરસનું ઑપરેશન કરાવવાની આપે ખરી હિંમત કરી!

મેં કહ્યું તમારી વાત સાચી છે. તમે પેલું દૃષ્ટાંત તો સાંભળ્યું જ હશે કે, એક ભાઈ પોતાના આંગણાના ઓટલે રોજ સવારમાં દાતણ કરવા બેસે. થોડે દૂર એક ભેંસ બેઠી બેઠી વાગોળતી હોય તેને જુએ. ભેંસનાં બંને શિંગડાં એવા ગોળાકાર કે એક રિંગ જેવાં લાગે. આ ભાઈ એ શિંગડાં રોજ જુએ અને તેને વિચાર થાય કે જેમ સરકસમાં રિંગમાંથી માણસ પસાર થઈ જાય છે તેમ આ શિંગડાંમાંથી પસાર થઈ જવું જોઈએ. ક્યારેક પણ પોતાના વિચાર પ્રમાણેનું આચરણ માણસ કરી જ બેસે છે. એક દિવસ તો દાતણ પડતું મૂકીને દોડતાકને ભેંસના શિંગડામાંથી પસાર થવા કૂદ્યા. પણ એ ક્યાં સરકસના તાલીમ પામેલા હતા? તેથી શિંગડાંમાં ફસાણા! ભેંસ થઈ ગઈ ઊભી અને ભડકીને ભાગવા લાગી. ભાઈ શિંગડાંમાં અડધા આ બાજુ અને અડધા પેલી બાજુ. લાગ્યા બૂમો મારવા કે બચાવો-બચાવો. માણસ લાકડીઓ લઈને થઈ ગયું ભેળું અને ભેંસને રોકીને ભાઈને બહાર ખેંચી કાઢ્યા. બધા ઠપકો આપતાં કહેવા લાગ્યા કે, ભલા માણસ! ભેંસના શિંગડાંમાં માથું નાખતાં કાંઈ વિચાર ન કર્યો? એટલે ભાઈએ ગૌરવથી જવાબ આપ્યો કે બાર વરસ સુધી વિચાર કર્યો હતો. એમ અમે પણ બાર વરસ સુધી વિચાર કર્યો હતો. સોએક હરસના દર્દીને મળી ચૂક્યા'તા. ચાર-પાંચ દર્દીને તો વગર ઑપરેશને હરસ કાઢી આપનાર ઉપચારક પાસે પણ મોકલી ચૂક્યા હતા. તેઓ કાઢેલા હરસ-મસાને અમને બતાડવા પણ લાવ્યા હતા. નિસર્ગોપચારના દવાખાનામાં પણ રહી આવ્યા હતા. તેમણે પણ ઑપરેશનની સલાહ આપી હતી. એટલે આમ અમે બાર વર્ષ સુધી વિચાર કરીને પછી ઑપરેશનની હિંમત કરી હતી. પણ પરમાત્માની દયા, આપ્ત ડૉક્ટરોની ભરપૂર સહાનુભૂતિ, દેખરેખ અને આત્મીયતાના કારણે આપણે ''ભેંસના શિંગડા''વાળું નથી થયું.

હાલનું વિજ્ઞાન ખૂબ કૂદકે ને ભૂસકે વધી રહ્યું છે. પોતાની શક્તિ અને સમજ મુજબ તેનો અવશ્ય લાભ લેવો જોઈએ. અમારું ઑપરેશન મશીન દ્વારા થયું. ઑપરેશન અને ટાંકા, બધું મશીનથી. એટલે પંદર જ મિનિટમાં ઑપરેશન થઈ ગયું અને રિકવરી પણ જલદી થવા લાગી. આ બાબતમાં બાબા મુક્તાનંદ પરમહંસના શબ્દો યાદ આવે છે. તેઓ કહેતા કે - અમારે, બડે બાબા (તેમના ગુરુ સ્વામી નિત્યાનંદ) જેવું નથી કરવું. અમે તો આરોગ્ય માટે શક્ય હોય તેટલો આધુનિક વિજ્ઞાનનો લાભ લેવાના.

### અમારાં ભોળાં-ભલાં નિરુબા
### (મગ બિલાડા ખાઈ ગયા)

ડૉક્ટર સોમાભાઈ (ડૉ સદ્‌ગુરુસમર્પણ ભિક્ષુજી)નાં પત્નીનું નામ છે નિરુબેન. ઘરમાં સૌ તેમને સન્માનપૂર્વક નિરુબા કહે. નિર્મલાનું ટૂંકું નિરુ થઈ ગયું હશે. પોતે સારું એવું ભણેલાં છે. પણ સ્વભાવે ખૂબ ભોળાં-ભલાં, નિર્મળ.

પાત્રીસ દિવસ તેમના ત્યાં રહ્યા ત્યારની આ

વાત છે. સવારે લગભગ સાડા અગિયાર વાગ્યે મારી રૂમના બારણામાં ઊભાં હોય, એ પૂછવા કે પ્રસાદ-ભોજન તૈયાર છે, લાવીએ? હું જો કોઈ કામમાં હોઉં તો ઊભાં જ રહે. હું સામે જોઉં ત્યારે પૂછે.

એક દિવસ તેઓ ઉપરથી નીચે રસોડામાં આવ્યાં ત્યારે હું પણ રસોડામાં ગયો અને તેમને ચમકાવવા મેં કહ્યું કે નિરુબેન, આજે તો તમારા ડાઈનિંગ ટેબલ પર બે બિલાડા આવીને તમારા ફણગાવેલા મગ ખાઈ ગયા. તેઓ કહે - હેં! ક્યાંથી આવી ગયા? બધું બંધ હોય છે ને! મેં કહ્યું બાજુના રૂમમાંથી. તોય તેઓ સમજે નહીં, પણ તેમનાં પુત્રવધૂ જિગિષાબેન, જેઓ આયુર્વેદનાં ડોક્ટર છે, તેઓ સમજી ગયેલાં એટલે હસે. બિલાડા કદી મગ ખાય નહીં પણ ગુરુજી કહે છે એટલે એ સાચું હોય એમ તેમણે માની લીધું હશે. પછી અમે ખુલાસો કર્યો કે હું રસોડાના વોશબેસિન પર મોઢું ધોવા આવ્યો હતો ત્યારે મેં ટેબલ પર ડિશમાં ફણગાવેલા મગ જોયા એટલે ચપટી મગ મેં ખાધા અને ચપટી મગ બિપિનભાઈને આપ્યા. એટલે તેઓ પણ હસી પડ્યાં.

દવાખાનેથી તેમના ઘરે આવ્યા પછી એક અઠવાડિયું તો તેમણે ભારે ભોજન - ગળી વસ્તુઓ અને કઠોળ વગેરે બનાવવા માંડ્યું. એમને એમ કે આવા ભોજનથી ગુરુજીમાં જલદી શક્તિ આવે. પછી મને ગેસ થવા લાગ્યો એટલે તે બધું બંધ કરાવ્યું. ભારે ભોજન ખાવાથી મારી તબિયત થોડી બગડી એટલે તેઓ દુઃખી દુઃખી થઈ ગયાં. પછી દિવસમાં ત્રણ વખત પૂછે - બાપુ, કેમ છે તબિયત? મારા માટેની રસોઈ પણ મને પૂછીને જ બનાવે.

એમનું જ મોટું કુટુંબ, એમાં વળી અમારી હાજરીના કારણે ઓમ્‌પરિવારનાં ભાઈબહેનો આવે, સગાં-સ્નેહીઓ આવે પણ સૌનો સત્કાર હસતા મોઢે કરે. સૌ માટે ચા, નાસ્તો, ભોજન વગેરે તૈયાર. એમના પરિવારનો આ સાધારણ નિયમ જ. એક વાર જે તેમના ઘરે આવે તેને તેમનો સૌનો પ્રેમ બીજી વખત પણ ખેંચી લાવે. ડો.મીનળબેન તથા ડો કાન્તિભાઈ સવાર-સાંજ બંને વખત અચૂક હાજરી આપે. અસ્તુ.

### બદલો વાળી જ ન શકાય

ગુરુસંતો અને ડોક્ટરોની ફી કોઈ આપી જ ના શકે. તેમનો એટલો મોટો ઉપકાર હોય છે કે તેમનો બદલો વાળી જ ના શકાય. ગુરુસંતોનું પ્રદાન આધ્યાત્મિક ક્ષેત્રમાં અજોડ હોય છે અને ડોક્ટરો-વૈદ્યોનું પ્રદાન આરોગ્ય-પ્રદાન કરવામાં અજોડ હોય છે. છતાંય જે કાંઈ લેવડ-દેવડ કરાય છે, કરવી પડતી હોય છે તે વ્યવહારની ઉત્તમ પ્રથા જળવાઈ રહે તે માટે જરૂરી હોય છે.

# અમૃત-મહોત્સવ અહેવાલ

(ઓમ્‌પરિવાર - ઉમરેઠ) — યોગભિક્ષુ

ઓમ્‌પરિવાર - ઉમરેઠ તરફથી અમારી (પ.પૂ.ગુરુદેવશ્રી યોગભિક્ષુજીની) જન્મતિથિએ - દર માસની વદ દશમે - ઉમરેઠના સંતરામ મંદિર સંચાલિત દવાખાનામાં દરદીઓને ફળ વહેંચવામાં આવે છે. હવે પછી એક જ વદ દશમ આવવાની હતી, પછી ઓમ્‌જયંતી આવવાની હતી તેથી ત્યાંના ભક્તોનો અતિ આગ્રહ હતો કે ગુરુદેવ ઉમરેઠ પધારે તો બહુ સારું. તેથી હું અને શશિકાન્ત, પંકજભાઈની ગાડીમાં, તા.૨૧-૮-૦૩ના રોજ સવારમાં ઉમરેઠ ગયા. તબિયત તો ખૂબ નરમ હતી પણ તોય હિંમત કરી. મનમાં તો એમ હતું કે કદાચ ગાડી અડધેથી પણ પાછી વાળવી પડે, પણ પ્રભુકૃપાથી ઉમરેઠ પહોંચી ગયા.

અમારી હાજરીમાં ત્યાં સૌ પ્રેમીઓએ શ્રાવણ વદ દશમ (તા.૨૨-૮-૦૩) ખૂબ સરસ રીતે ઊજવી. સવારમાં દવાખાને જઈ ફળ-વિતરણ કર્યું, સાંજે હોમાત્મક યજ્ઞ કર્યો, બ્રહ્મભોજન કરાવ્યું અને રાત્રે આઠ થી દસ જપયજ્ઞ કર્યો.

બ્રહ્મભોજન શ્રી તુષારભાઈ પંડ્યાના ત્યાં રાખેલું.

બ્રહ્મભોજનમાં જ્યોતિષાચાર્ય શ્રી શાંતિભાઈ પંડ્યા - કૃપાભિક્ષુ - પણ પધારેલા. બ્રહ્મભોજન સમયે જ ઓમ્‌પરિવારના સૌ ભક્તો આ પ્રમાણે ધૂન બોલતા હતા -

જેનો જીભ પર કાબૂ, તેનો જગ પર જાદુ;
જેનું જીવન સાદું, તેનું આરોગ્ય ઝાઝું.
ઓમ્ ગુરુ ઓમ્, ઓમ્ ગુરુ ઓમ્
ઓમ્ ગુરુ ઓમ્, ઓમ્ ગુરુ ઓમ્
કરકસર છે કામધેનુ, દે છે અમૃત દિનરૈનુ;
કમ ખાઓ જો ગમ પાઓ, તો દુઃખથી મુક્તિ પામો.
ઓમ્ ગુરુ ઓમ્, ઓમ્ ગુરુ ઓમ્
ઓમ્ ગુરુ ઓમ્, ઓમ્ ગુરુ ઓમ્

થોડો સમય ધૂન બોલ્યા બાદ અમે જ શ્લોકો બોલવાની શરૂઆત કરી. નીચે મુજબ શ્લોકો અને દોહા બોલ્યા :

ઘણી સરિતાનું નીર જઈ સિંધુમાં સમાયે,
તોપણ કદી તેનું પૂર્ણ નવ પેટ ભરાયે;
તેમ લોભીને ધન મળે, તૃપ્તિ નવ પામે,
પાંચ મળે દસ ભણી, આશા અંતરમાં જાગે.
જે જગદીશે કરુણા કરીને ઘટતું આપ્યું હોય છે,
તે પણ લોભી જન લોભમાં છતું પાસનું ખોય છે.

કવિ કરોતિ કાવ્યાનિ સ્વાદુ જાનંતિ પંડિતા,
સૌંદર્ય અપિ લાવણ્ય પતિ જાનાતિ ના પિતા.

સૂત, દારા, અરુ, લક્ષ્મી પાપી ઘર ભી હોય;
સંત-સમાગમ હરિ-કથા, તુલસી દુર્લભ દોય.

દેનહાર કોઉ ઔર હૈ, જો ભેજે દિન-રૈન;
લોગ ભરમ હમ પે ધરે, યાતે નીચે નૈન.

કબીર કહે કમાલકો, દો બાતાં શીખ લે;
કર સાહેબકી બંદગી, ઔર ભૂખે કો અન્ન દે.

ચિત્રં વટતરોર્મૂલે ગુરુર્યુવા વૃદ્ધ શિષ્યા;
ગુરુર્મૌન વ્યાખ્યાનં શિષ્યસ્તુ છિન્ન સંશયાઃ

વચ્ચે વચ્ચે શ્રી વિષ્ણુપ્રસાદ શાસ્ત્રી અને બીજા બ્રાહ્મણો પણ શ્લોકો બોલતા હતા. સૌ બ્રાહ્મણો પ્રસન્ન હતા અને આપસમાં વાતો કરતા હતા કે એ વાત સાચી છે કે ''જમતી વખતે કાબૂ રાખવો જોઈએ.''

બ્રહ્મભોજનનો પ્રારંભ કરતાં પહેલાં તુષારભાઈએ સૌ બ્રાહ્મણોની પૂજા કરી અને પુષ્પમાળા પહેરાવી. સૌએ તેમને આશિષ આપી. તુષારભાઈનાં ધર્મપત્ની શ્રી જ્યોતિબેને સૌ બ્રાહ્મણોને દક્ષિણાનાં કવર આપ્યાં. ડાકોર ઓમ્‌પરિવાર તરફથી શ્રી રાજુભાઈ સુખડિયા અને શ્રી રક્ષાબેન હાજર રહ્યાં હતાં. તેઓ બ્રાહ્મણોને પ્રસાદીરૂપે આપવા ડાકોર મંદિરના પીળા ખેસ લાવ્યા હતા. શ્રી શાંતિભાઈએ આગ્રહ કર્યો કે ''તે ખેસ અમને પૂ. ગુરુદેવ જ ઓઢાડે અને આશિષ આપે.'' અમે સૌ બ્રાહ્મણોને અને બ્રાહ્મણોએ અમને આશિષ આપી. આમ બ્રહ્મભોજનનો પવિત્ર પ્રસંગ ખૂબ આનંદ અને ઉત્સાહ સાથે સંપન્ન થયો.

હોમાત્મક યજ્ઞ શ્રી ચિરાગભાઈ સોનીના ત્યાં હતો. તેની પૂર્ણાહુતિ પ્રસંગે આશીર્વચનમાં અમે જણાવ્યું કે -

ચિત્તને અરીસા જેવું બનાવીએ, કેમેરાના રોલ જેવું નહીં. કેમેરાની ફિલ્મ ઉપર જેટલાં પ્રતિબિંબો-ફોટાઓ પડે છે તે તેના પર ચીપકી જાય છે પણ અરીસા પર પડેલાં પ્રતિબિંબોમાંનું એક પણ પ્રતિબિંબ તેના પર ચોંટતું નથી. બિંબ હટે એટલે તે પર પડેલ પ્રતિબિંબ પણ હટી જાય છે. તે પ્રમાણે મન-ચિત્ત પર પડેલા રાગ-દ્વેષ વગેરેનાં તમામ પ્રતિબિંબો તે પર ચોંટી જવાં જોઈએ નહીં. ગમે તેટલાં અને ગમે તેવાં પ્રતિબિંબો સન્મુખ આવવાનું પણ એકેય પ્રતિબિંબ મન-ચિત્ત પર ચોંટે નહીં, ચોંટવા દઈએ નહીં તેવું મનને કેળવવું જોઈએ. સત્સંગ-સ્વાધ્યાયમાં અને ગુરુસંતોના ચરણોમાં આપણે આટલા માટે જ જઈએ છીએ.

શ્રી તુષારભાઈના ત્યાં જપયજ્ઞની પૂર્ણાહુતિમાં અમે જણાવ્યું કે -

હાડ-ચામડાં બહુ બહુ ચૂંથ્યાં,
ચાખોજી મધ મીઠું;
બહુ દિવસથી ખોળું હું તમને,
આજે મુખડું દીઠું.

નાના હતા ત્યારે સિંહની અને રીંછની કવિતામાં આવી લીટીઓ આવતી. અમે આ લીટીઓનો આધ્યાત્મિક અર્થ કરીએ છીએ. સામાન્ય સ્ત્રી-પુરુષો

પરસ્પરનાં હાડ-ચામડાં-શરીરો ચૂંથી-ચૂંથી આનંદ લેવાનો વર્ષો અને જન્મોથી પ્રયત્ન કરી રહ્યાં છે. પણ જ્યાં આનંદ છે જ નહીં ત્યાંથી મળે ક્યાંથી? ગુરુસંતો આપણને ખોળી રહ્યા છે, આપણું કલ્યાણ કરવા આપણને શોધી રહ્યા છે. વળી હાડ-ચામડાંનો અર્થ કેવળ હાડ-માંસ જ નથી. ચૈતન્ય તત્ત્વ સિવાયનું જે કાંઈ છે તે બધું હાડ-ચામડાં બરાબર જ છે. તમામ જડ પદાર્થોમાંથી પ્રેમ ઘટતો જાય અને ચૈતન્ય તત્ત્વ તરફ આપણો પ્રેમ વધતો જવો જોઈએ, ચૈતન્ય જ આપણને વધુમાં વધુ મૂલ્યવાન લાગવું જોઈએ. અસ્તુ.

બીજે દિવસે તુષારભાઈના ત્યાં એક રિટાયર્ડ કલેક્ટર સાહેબ અમારાં દર્શને આવ્યા ત્યારે સત્સંગમાં અમે કહ્યું કે -

જીવનમાં આ બે જ વસ્તુ વધુમાં વધુ મૂલ્યવાન છે - એક તો પરમાત્મા અને બીજો પૈસો. પરમાત્મા આધ્યાત્મિક જગતનું મૂલ્યવાન તત્ત્વ છે અને પૈસો ભૌતિક જગતની કિંમતી વસ્તુ છે.

શ્રી ચિરાગભાઈએ અમને પૂછ્યું કે, ''અમારી સૌની ઇચ્છા છે કે દર વદ દશમે, દરદીઓને જે ફળવિતરણ કરીએ છીએ તે કાયમ ચાલુ રાખીએ; જો આપ સ્વીકૃતિ આપો તો.'' અમે કહ્યું કે તમારી ભાવના ખૂબ પ્રશંસનીય છે, આવાં કાર્યો તો કાયમ થવાં જોઈએ, તો જ મનુષ્યજન્મની સાર્થકતા થાય. પણ આ બાબત આપણે ઓમ્ જયંતી પછી વિચારીશું. ચિરાગભાઈના મોટાભાઈને વર્ષો પહેલાં અકસ્માત થયેલો ત્યારના તેઓ અપંગ જેવી સ્થિતિમાં જ છે. ખભાથી નીચેનું આખું શરીર ચેતનાહીન સ્થિતિમાં જ છે. તોય તેઓ ખુરશીમાં બેસીને યજ્ઞમાં હાજર રહ્યા હતા. તેઓ ખૂબ ગુરુપ્રેમી છે.

તા.૨૪-૮-૦૩ના રોજ અમદાવાદમાં શ્રી કાંતિભાઈ પટેલના ત્યાં અમૃત મહોત્સવ નિમિત્તે સ્વાધ્યાય-સત્સંગ અને ભોજન-પ્રસાદનો કાર્યક્રમ હતો તેથી અમે તા.૨૩મીએ અમદાવાદ આવી ગયા. પણ અતિ વરસાદના કારણે શ્રી કાંતિભાઈના ત્યાં હાજર રહી શક્યા નહીં.

# પ્રેરણાદાયી પત્રો

વલસાડ, તા.૫-૯-૨૦૦૩

પ.પૂ.પ્રાતઃસ્મરણીય શ્રી ગુરુદેવશ્રી,
સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

વલસાડથી હર ઘડી, હર પળ યાદ કરનાર આપની બેટી રશ્મિના જયનારાયણ. આપની તબિયત ઓમ્ ભગવાનની કૃપાથી સારી રહે એ જ પ્રભુને પ્રાર્થના.

કેટલા દિવસોથી પત્ર લખું એમ થયા કરે છે. પરંતુ અત્યારે રાત્રે ૧૧-૪૦ થયા છે. આપની યાદ ખૂબ આવી હતી એટલે ઊઠીને પત્ર લખું છું. ગુરુજી! આપને થતું હશે કે, ''અમે બધા વલસાડ જઈશું તો રશ્મિને ખૂબ જ તકલીફ પડશે. એકલી રહે છે, સાથે કોઈ મદદ કરવાવાળું નથી, તબિયત સાજી-માંદી ચાલે; તો આપણે જઈશું તો શું કરશે?'' એવા બધા જ વિચારો આપને આવ્યા હશે. ગુરુજી! આવી કોઈપણ જાતની મને તકલીફ પડવાની નથી (અને પડશે પણ નહીં.) આપના આશીર્વાદ મારા માથા પર છે. આપે એટલી બધી કૃપા કરી છે કે તેનું વર્ણન થઈ શકે તેમ નથી. ગુરુજી, આપ પહેલીવાર વલસાડ પધાર્યા હતા ત્યારે અમારી પાસે શું હતું? સાયકલ પર ઑફિસે જતાં. તે સમયે આપને ફરવા લઈ જવા માટે ગાડી પણ નહોતી. આપનાં દર્શનથી જ અમારી એટલી બધી પ્રગતિ થઈ. હવે તો આપે ગાડી પણ આપી છે. હવે કોઈપણ જગ્યાએ જવું હોય તો વિચારવું ન પડે. આપે ગાડી આપી, ઘર આપ્યું, સુખશાંતિ આપ્યાં; હવે બીજું શું જોઈએ?!

હવે તો આપ એક વાર અમારે આંગણે પધારો, એટલે અમે આપની સેવા કરી શકીએ. અત્યારે દરરોજ સૂતાંની સાથે જ સપનાં ચાલુ થઈ જાય છે. જાણે ગુરુજી આપણા ઘરમાં જ વસે છે એવું લાગે છે. એક સ્વપ્નમાં એવું આવ્યું કે -

વલસાડમાં પારનેરા ડુંગર આવેલો છે. અમે

ત્રણચાર વાર જઈ આવ્યાં છીએ. ઘણાં પગથિયાં ચડવાનાં છે. સ્વપ્નમાં આવ્યું કે અમે ડુંગરથી નીચે ઊતરી ગયાં. આપે ડુંગર ઉપરથી અમને જોયાં એટલે દૂરથી હાથ કર્યો. અમે ઘણાં નીચે હોવાથી આકાશમાં જે રીતે વાદળ આવે છે એ રીતે આપની છબી અમારા માથા પર આવી. અમે ખૂબ ખુશ થઈ ગયાં. સપનામાં જ વિચાર્યું કે મારા ગુરુદેવ આટલાં બધાં પગથિયાં ચઢીને પારનેરા ડુંગર ચડી જાય - તે પણ એકદમ જુસ્સાભેર - તો આપણા ''શ્રી યોગભિક્ષુ કૃપા'' નામના મકાનનાં પગથિયાં તો કાંઈ જ ના કહેવાય. સવારે ઊઠીને કિરણભાઈ તેમજ બાળકોને સપનાંની વાત કરી.

આમ, જ્યારે (મકાનનાં) પગથિયાં ચડીએ છીએ ત્યારે આપને ખૂબ જ યાદ કરીએ છીએ. કંઈ પણ વસ્તુની ખરીદી કરીએ એટલે વિચારીએ કે આ ગુરુજીને જોઈશે, પેલું ગુરુજીને જોઈશે. એ રીતે બધી જ વસ્તુ આપને જરૂર પડશે એમ વિચારીને જ ખરીદીએ છીએ.

મને ખબર જ છે કે મારા બાપુને કેટલી તકલીફ છે! અમને સૌને ખુશ રાખવા માટે આપ કેટલી તકલીફો વેઠીને દર્શન આપો છો! આપ અહીં પધારશો ત્યારે અમે એવું કોઈપણ કામ નહીં કરીએ કે આપને તકલીફ પડે. આપે તો બસ શાંતિથી આરામ કરવાનો. સાંજે તીથલના દરિયા-કિનારે ચોખ્ખી હવા ખાઈશું. ગુરુજી! હું એકલા હાથે પંદર-વીસ માણસોને જમાડી શકું છું. મારી ભાભીઓ પણ મારી મદદમાં આવે છે. એવું લાગે તો એક કામવાળી રાખી લઈશું. પણ આપ કોઈપણ જાતની ચિંતા કરશો નહીં. મારામાં કામ કરવાની ઘણી શક્તિ છે. આજ સુધીમાં મને કોઈ બીમારી થઈ નથી, તાવ પણ આવ્યો નથી. જો કે શરીર છે; જેમ જેમ ઉંમર વધે તેમ તેમ શરીરને નાનાં-મોટાં પ્રોબ્લેમ આવ્યા કરે.

ગુરુપૂર્ણિમાના કાર્યક્રમમાં મારાથી આવી શકાય તેવું નહોતું. મને હોસ્પિટલમાં દાખલ કરવી પડે એવો દુઃખાવો થયો હતો. ખૂબ ઉલટી થઈ હતી. અરવિંદભાઈને પણ નવસારીથી બોલાવી લીધા અને પછી અરવિંદભાઈ આવ્યા એટલે દુઃખાવો બંધ! ત્યાર પછી તો બધાં કપડાં ધોઈને સૂકવી નાખ્યાં. ઘરનું બધું જ કામ પતાવી દીધું. સમય પર હું સારી થઈ ગઈ તે કેવી રીતે? આપની કૃપા સિવાય આ બધું થઈ શકે?

તીથલ રોડ જેવા પહેલા નંબરના એરિયામાં આપે ઘર અપાવ્યું, સ્કૂલ અપાવી, ઓફિસ અપાવી; એક જ લાઇનમાં બધું સાથે. આમ, મને કોઈ જાતની તકલીફ નથી. અમે ઘરે પણ બધાંને વાત કરી દીધી છે કે ગુરુજી પધારશે, તબિયત સારી થાય એટલે. બાજુનું ઘર લીધું એ પણ જણાવી દીધું છે. અમે કોઈ દિવસ આવા ઘરમાં રહીશું તેવાં સપનાં પણ જોયાં નહોતાં. આજે બે ફ્લેટના માલિક થઈ ગયા. એ બધી આપની જ કૃપા.

અત્યારે તો અમને ઘડીએ ઘડીએ આપ જ દેખાવ છો. કોઈપણ જગ્યાએ જઈએ તોપણ આપ જ નજરમાં રહો છો. સવારે ઊઠીએ એટલે આપનાં દર્શન, તે સૂઈએ ત્યાં સુધી. હું પણ હવે પાગલ થઈ ગઈ છું કે આટલો મોટો પત્ર લખી રહી છું. આ પત્રમાં મારી ઘણી બધી ભૂલો હશે. ગુરુજી! કાંઈ પણ ખોટું લખાયું હોય તો માફ કરશો. છોકરાં સ્કૂલે જાય છે. આપને ખૂબ યાદ કરે છે. કિરણભાઈ તો આપને એટલા યાદ કરે છે કે તેની કોઈ પાર નથી.

લિ. રશ્મિના જયનારાયણ

❀ ❀ ❀

અમદાવાદ, તા.૯-૯-૨૦૦૩

પૂજ્યશ્રી, સાષ્ટાંગ પ્રણામ.

''વીજળીના ઝબકારે...?'' પુસ્તક પ્રતિરક્ષા રૂપે મળી ગયું છે. આ દિવસે ઋષિપંચમી હતી; એટલે ઋષિ દ્વારા રક્ષા થતી રહી છે અને થતી રહેશે એવી દૃઢ શ્રદ્ધા છે. આ એક સદ્‌ભાગ્ય છે. આપની બહેનના સમગ્ર જીવનની સહજ સેવા અને ઊંડી સમજે એના આત્મભાવને સરસ રીતે વિસ્તાર્યો છે. આવો પાવન આત્મભાવ સદા મારુંય રક્ષાકવચ બની ગયું છે.

'ગુરુપૂર્ણિમા'એ આ પુસ્તકનું વિમોચન થયું હતું તે ભાઈશ્રી મનુ પંડિતે મને ફોનમાં ગઈ કાલે જ જણાવ્યું. તારીખ ૧૩ જુલાઈ - આપનાં બહેનની વયમર્યાદા-નિવૃત્તિ (વ્યવસાયની)ને ૧૩મીએ ૧૬મું વર્ષ બેઠું. આવા બધા યોગાનુયોગ સાંકેતિક બની જાય છે.

હું શારીરિક અમુક નબળાઈને લીધે બહુ બહાર

જવાની હિંમત નથી કરતો. આપનું નિત્ય-સ્મરણ અને તે પણ પ્રાતઃ વિશેષ રહેતું હોય છે. પુસ્તકમાં જે ફોટો છે તે આપની સારી તબિયત છે તેમ જણાવે છે. પરોક્ષ દર્શનથી પણ ખુશ થયાં છીએ. ઈશ્વર આપને નિરામય દીર્ઘાયુ બક્ષે અને અહોનિશ રક્ષે. ૐપરિવારમાં સૌને સ્નેહવંદન કરું છું.

- સદાનો આપનો લલિત

❀ ❀ ❀

"ગુરુ-સત્સંગ સોનાની ખાણ છે."

પૂજ્યશ્રી, સાષ્ટાંગ પ્રણામ.

આપના તરફથી ''પ્રતિરક્ષા'' નિમિત્તે જે ''વીજળીના ઝબકારે...?'' ભેટ મળી તેથી આનંદ થયો. જીવનમાં વીજળીના ઝબકારે એક મોતી પરોવાઈ જાય તો જીવન ધન્ય બની જાય. તેના માટે આપના આશીર્વાદની અપેક્ષા રહે જ.

જપયજ્ઞમાં કોઈપણ મંત્રનો સમાવેશ કરી શકાતો હોય તો મારા એક લાખ જાપનો સમાવેશ કરવા વિનંતી.

આપના સ્વાસ્થ્ય માટે અહોનિશ પ્રભુ-પ્રાર્થના કરું છું. સમગ્ર પરિવારની કુશળતા ચાહું છું. ઓમ્ ગુરુ પરિવારને સાદર વંદન.

જાગૃતિ આપને સાદર પ્રણામ પાઠવે છે.

લિ.જયાબહેનના સાષ્ટાંગ પ્રણામ

❀ ❀ ❀

## ઓમ્ પરિવારના ઉત્સવ–૨૦૦૪

| કયા પ્રસંગ નિમિત્તે | સ્થળ | તારીખ અને વાર |
|---|---|---|
| મહાશિવરાત્રી નિમિત્તે | યોગેશભાઈ બી. પટેલના ખેતરમાં, કૂવા પાસે, રેલ્વે ફાટક નં.-૨૫, જાગનાથ ભાગોળ, પાણવણિયા રોડ, મુ. ઉમરેઠ, જિ. આણંદ. | ૨૨-૨-૨૦૦૪ રવિવાર સવારે ૧૦ થી ૨ |
| હનુમાન જયંતી | ગોવિંદભાઈ એન. પ્રજાપતિ સી ૧/૧, ભદ્રેશ્વર સોસાયટી, અંકુર બસ સ્ટેન્ડ પાસે, નારણપુરા, અમદાવાદ-૧૩. | ૧૧-૪-૨૦૦૪ સોમવાર સાંજે ૭ થી ૯ |
| ગુરુપૂર્ણિમા | ઈચ્છાબેનની વાડી, પુષ્પકુંજ પાસે, કાંકરિયા, મણીનગર, અમદાવાદ-૮. | ૨-૭-૨૦૦૪ શુક્રવાર સવારે ૮ થી ૨ |
| ઓમ્ ગુરુદેવ જયંતી | પંકજભાઈ શાહ અશોક એપાર્ટમેન્ટ, સેન્ટ્રલ બૅંકની સામેની ગલીમાં, સી.એન.વિદ્યાલય પાસે, આંબાવાડી, અમદાવાદ. | ૭-૧૧-૨૦૦૪ રવિવાર સાંજે ૪.૩૦ થી ૮ |
| બેસતું વર્ષ | નૈષધભાઈ વ્યાસ ૩, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ હાઈસ્કૂલની સામે, મણીનગર, અમદાવાદ-૮. | ૧૩-૧૧-૨૦૦૪ શનિવાર સવારે ૭ થી ૮ |
| શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર નિમિત્તે | ''નિર્વિકલ્પ મુક્તિધામ'' નાથાભાઈ એ. પટેલના ખેતરમાં, મુ.પલિયડ (વેડા), તા. કલોલ, જિ. મહેસાણા. | ૨૬-૧૨-૨૦૦૪ રવિવાર સવારે ૧૦ થી ૨ |

## ओश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ओश्वर है।

(२५) ओश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ओश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु हैं और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ओश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पल्लिवइनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

---

● ટ્રસ્ટના ઉદ્દેશો :-

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્ -ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ' નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**લવાજમ દર :-**

વાર્ષિક સભ્ય (ભારતમાં) ...રૂા. ૩૦-૦૦
આજીવન સભ્ય(ભારતમાં) ...રૂા. ૫૦૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ...૧૫ $
આજીવન સભ્ય(પરદેશમાં)...૧૫૧ $

**લવાજમ મોકલવાનું તથા "ઋતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :-**


**(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૩/બ, પલિયડનગર
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

**(૨) નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.


**સૂચના :-**

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ"ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.


**PRINTED BOOK**
Registrar of News Papers of India under Regd.No.48770/90
L-5/131/QTY./34/90-91

To,

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
3/B, Palladnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad.
Hon. Editor : Naishadh Vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T. Exe. U/S-80 G (5) No. H.Q. III/33 (821) 2000-01 Up to MARCH-2005.